## પ્રકરણ - ૪

## ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ

ધરમાભાઈ શ્રીમાળીનો જન્મ તા. ૨૧.૧૨.૧૯૫૭ના રોજ થયો હતો. બનાસકાંઠા જિલ્લામાં આવેલું પાલનપુર તાલુકાનું નાનકડું ગાદલવાડા ગામ ધરમાભાઈનું જન્મસ્થળ છે. એમ. એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ગુજરાત સરકારના સરદાર સરોવર નિગમમાં નાયબ હિસાબનીશ તરીકેની ફરજ બજાવીને નિવૃત્ત થયેલા આ સર્જક ગુજરાતી દલિત સાહિત્યક્ષેત્રે ખાસ્સું પ્રદાન કરે છે. એમના સાહિત્યક્ષેત્રના પ્રદાનની નોંધ લઈએ તો 'સાંકળ', 'નરક', 'રવેશ', 'ઝાંખરું' 'પીઠી' જેવા વાર્તાસંગ્રહો એમની પાસેથી મળે છે. ભંડારિયું નામે દલિત સંસ્મરણો-નિબંધસંગ્રહ પણ લખ્યો છે. એમણે બનાસકાંઠાના સર્જકોનો વાર્તાવૈભવ 'કેસૂડા' શીર્ષકથી સંપાદિત કર્યો છે. એમના સાંકળ, નરક, રવેશ સંગ્રહને એકથી વધુ પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

ગુજરાતી સાહિત્યમાં ધરમાભાઈ શ્રીમાળીએ સંખ્યા અને સત્ત્વની દૃષ્ટિએ વિપુલમાત્રામાં વાર્તાસર્જન કર્યું છે. ગુજરાતી દલિત સાહિત્યમાં સંખ્યાની દૃષ્ટિએ અન્ય સર્જકોની સરખામણીએ ધરમાભાઈ પાસેથી બહોળા પ્રમાણમાં દલિત વાર્તાઓ મળે છે. તેઓ પોતાની વાર્તાનિષ્ઠા અને વાર્તાકલાને કારણે વાર્તાકાર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. ધરમાભાઈ શ્રીમાળીનું લેખનકાર્ય પુરજોશમાં ચાલુ છે. એમની વાર્તાઓ વિવિધ સાહિત્યિક સામયિકોમાં અવારનવાર પ્રકાશિત થાય છે. આ પ્રકરણમાં ધરમાભાઈ શ્રીમાળીના પાંચ વાર્તાસંગ્રહોને આધારે એમની ગુજરાતી દલિત વાર્તાઓનો અભ્યાસ હાથ ધર્યો છે.

ધરમાભાઈ શ્રીમાળી પાસેથી પ્રથમ વાર્તાસંગ્રહ ‘સાંકળ’ ૧૯૯૭માં પ્રાપ્ત થાય છે.[૬૪] આ સંગ્રહમાં કુલ ૧૪ વાર્તાઓ છે. તેમાં દલિત સંદર્ભો ધરાવતી વાર્તાઓની સંખ્યા નહિવત્ છે. અહીં ‘સણકો’, ‘ભવાઈ’, ‘નવી’, ‘દાઝવું તે’ વાર્તાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસલક્ષી ચર્ચા કરવામાં આવી છે.

‘સણકો’ વાર્તામાં પોતાના પુત્રને ભણાવી-ગણાવી મોટો માણસ બનાવવાનું સ્વપ્ન સેવતી મંછી પૈસાના અભાવે બેચરદા પાસે જાય છે. આ બેચરદાના ખેતરમાં જ પોતાનો પતિ કામ કરતો. હવે પતિ નથી પણ બેચરદા પોતાની વાત માનવી પડશે એવા વાયદા સાથે વધુ રૂપિયા આપે છે. વાર્તાના અંતે ખ્યાલ આવે છે કે એ જ બેચરદાના ખેતરમાં મંછીનો દીકરાને પોતાના પતિની જેમ જ ખેતરમાં કામે લગાડી દેવામાં આવ્યો છે. વાર્તાની શરૂઆતમાં ઉપડતો મંછીની કેડનો સણકો અંતે વધુ તીવ્ર બને છે જે અર્થસભર બની રહે છે. બેચરદાના પાત્ર દ્વારા ગરીબ દલિતનું થતું શોષણ એક માતાનાં અરમાનો પર કેવાં પાણી ફેરવે છે તે જોવા મળે છે. વાર્તામાં શોષણની વાત છે. મંછીની ગરીબી, પેઢીઓથી ચાલી આવતી જોહુકમી, દા.ત. ઈમ કાંય બે-ત્રણ પેઢીનો સંબંધ તોડાય? (પૃ.૧૭) બેચરદાની લુચ્ચાઈ, મંછીની મજબૂરી, વર્ષોથી થતું એનું શોષણ વગેરેમાં સંયત આલેખન વાર્તાપ્રવાહને સાહજિક બનાવે છે. વાર્તામાં દલિત અધ્યાસો અસરકારક ઢબે નિરૂપાયા છે તે નોંધવું રહ્યું.

‘ભવાઈ’ વાર્તા ધરમાભાઈની અલગ જ વિષયને વ્યક્ત કરતી વાર્તા છે. દલિતોના ભવૈયા તૂરી દલભો વાર્તાનો નાયક છે. એક બાજુ પત્ની બીમાર છે. એક જમાનામાં ભવાઈના વેશમાં રમવા જતો દલભો, મેળામાં કાંસળિયો થઈને જવાનું વિચારતો દલભો પેટી ખોલે છે ને પોતાને સ્મરણ થાય છે ભવાઈના પોતે રમેલા

---

૬૪. શ્રીમાળી ધરમાભાઈ, સાંકળ (વાર્તાસંગ્રહ), પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ ૧૯૯૭

સમયગાળાનું. વર્ષો પહેલાં પોતે ભવાઈ રમવા ગયો ત્યારે સવર્ણ સમાજની સ્ત્રી રૂપકુંવરબા પોતાના તરફ આકર્ષાય છે ને પોતાની નામરજી હોવા છતાં એનો હાથ પકડી લે છે. પછી સર્જાય છે રૂપકુંવરબાના જીવનની કરુણકથની. એ બનાવ પછી દલભાએ ભવાઈ રમવાનું છોડી દીધું. વાર્તાને અંતે દલભો પેટીમાંથી કાઢેલો અસબાબ અને ભૂતકાળનાં સંસ્મરણો વાગોળતો પેઢીમાં અસબાબ પાછો મૂકી દે છે. 'દલિતવાર્તા વૃત્તાંત'માં આ સંદર્ભે નોંધાયું છે કે આ વાર્તામાંથી પસાર થતાં દલભાના જીવનની કરુણતા સહૃદય ભાવકને સ્પર્શી જાય છે.[૬૫] રૂપકુંવરબાના દલભા તરફના આકર્ષણથી દલભાના જીવનમાં કેવો ઝંઝાવાત સર્જાય છે તે એના જીવનનાં વીસ-વીસ વર્ષો કારમી ગરીબીમાં કેવી રીતે પસાર થઈ રહ્યાં છે તેમાં જોઈ શકાય છે. વાર્તામાં લેખકે પ્રયોજેલી ફ્લેશબેકની પ્રયુક્તિ અને એ દ્વારા વ્યક્ત થતો દલભાનો ભૂતકાળ, વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ, ભવાઈના કલાકારોનું જીવન એની માનસિકતા ઇત્યાદી વાર્તાને કલાત્મક રૂપ બક્ષે છે. વાર્તામાં દલભાની ગરીબીનું વર્ણન, પત્નીની બીમારીનું વર્ણન સહૃદયને હચમચાવે એવું અને જુગુપ્સા ઉપજાવનારું છે. દા.ત. પત્ની ધૂળીના ખાટલા નીચે મૂકેલી ગળભા ભરેલી છીબની આસપાસ બણબણતી માખીઓ. વાર્તાના આરંભે પેટી ખોલવી અને વાર્તાને અંતે પેટી બંધ કરવી એ સમય દરમ્યાનની ક્રિયાઓમાં દલભાના જીવનની કરુણકથની અસરકારક રીતે નિરૂપાઈ છે.

'નવી' વાર્તામાં પોતાનો સગો ભાઈ બહેનને વિધવા થયા પછી પોત બદલવાને બહાને પૈસાની લાલચે તેડી જાય ને અંતે બહેનને એની ગંધ આવી જતા ઘર તરફ પરત ફરતી બતાવાઈ છે. કૃતિમાં સીધેસીધો દલિત સંદર્ભ નથી પણ એમાં વ્યક્ત થતા સંકેતો, કુટુંબજીવનની આંટીઘૂંટી તેમજ નવીનું પ્રસન્ન કુટુંબજીવન,

---

૬૫. મકવાણા ગંગારામ, દલિત વાર્તાવૃત્તાંત, પ્રકા. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૬૭

દલિત વિધવા નારીના જીવનની કરુણતા વાર્તાની ભાષા વગેરેમાં ગ્રામ્યજીવનનો ધબકાર કલાત્મક રૂપ ધારણ કરે છે.

'દાઝવું તે' વાર્તામાં પણ પેટ્રોમેક્ષ માથે મૂકીને લગ્નપ્રસંગોમાં મજૂરીકામ કરતી બબલી પર પરબતની મેલી નજર ને એમાંથી બચવાના લાખ પ્રયત્નો છતાંય ભૂતકાળમાં પરબતે કરેલ સતામણી, શોષણ વગેરે સ્મરણમાં આવે છે. પોતે ઉપાડેલી પેટ્રોમેક્ષ પકડી પકડીને આંગળીનાં ટેરવાં દાઝી રહ્યાં છે ને એની પરાકાષ્ઠા આવે છે વાર્તાના અંતમાં. દા.ત. મોળ ભરેલું મોં ઓ...ઓ...કરતું ખુલી ગયું. (પૃ.૧૨૬) અહીં દાઝવુંનો વ્યંજનાર્થ વિસ્તારીને લેખકે વાર્તાને કલાત્મક ઓપ આપ્યો છે. ફાનસ પકડીને ઊભેલી બબલી ને ટચલી આંગળીને વેઢા ગણતી બબલીનું ચિત્ર એની વેદનામય સ્થિતિ, કોઈને કહી ન શકાય એવી રહસ્યમય ક્ષણનો કલાત્મક વિનિયોગ ધરમાભાઈની સર્જકતાનો વિશેષ બની રહે છે. જાનપદી બોલીનો પ્રયોગ ને સંવાદોમાં પ્રગટતી એની સચ્ચાઈ વાર્તાને જીવંત બનાવે છે. દા.ત. 'ભાના દિયોર આંય કણખ એવા સીધા દોર થેઈન્ ભલો......કરી ર'યાસી?' વાહમઅ બોલાબ્બા આવી તાંણઅ તો જાંણઅ...ચીડિયો ચડતી હોય ઈમ સેટે રયા રયા હકંમ કરસી, દરબારનાય બાપ હોય ઈમ. (પૃ.૧૧૨) વાર્તામાં બબલીના મનની ઘટનાઓને પેટ્રોમેક્ષ સાથે ગૂંથીને એના મનમાં રચાતી ગડમથલને લેખકે સર્જનાત્મક રીતે નિરૂપી છે. આ વાર્તાસંદર્ભે જયેશ ભોગાયતાએ કહ્યું છે કે, ''વાર્તા માંહેનું પરિસ્થિતિજન્ય વક્રતાની ભીતર રહેલા કરુણનું સંયત આલેખન આસ્વાદ્ય છે. પરબતની જાનમાં માથા પર પેટ્રોમેક્ષ ઉંચકતી બબલીના પેટમાં પરબતના જ પાપનો ભાર છે તે કરુણ દશાનું સંયત આલેખન લગ્નપ્રસંગનું જુગુપ્સાપૂર્ણ રૂપ દર્શાવે છે.''[૬૬]

---

૬૬. પરબ, ૧૯૯૮, પૃ.૧૨

આમ 'સાંકળ' વાર્તાસંગ્રહમાં ધરમાભાઈનો સર્જક તરીકેનો ઉન્મેષ અનુભવાય છે. વાર્તાનાં પાત્રો, એનું રૂપ, એનાં વાણી, વર્તનમાં વ્યક્ત થતી સચ્ચાઈ, એની કલાત્મક રજૂઆત, બોલીનું સૌંદર્ય ઇત્યાદિ પાસાંને કલાત્મક રીતે રજૂ કરવામાં વાર્તાકારની સર્જકતા નિખરે છે.

ધરમાભાઈ શ્રીમાળી પાસેથી બીજો વાર્તાસંગ્રહ 'નરક' શીર્ષકથી મળે છે[૬૭]. શીર્ષક દ્વારા જ સૂચિત થાય છે તેમ સંગ્રહની વાર્તાઓમાં દલિત વાર્તાઓનું આલેખન છે. લેખકે દલિત સમાજના ઉત્કર્ષ માટે ઝઝૂમતા મિત્રો-મુરબ્બીઓને આ સંગ્રહ અર્પણ કર્યો છે. 'નરક'માં કુલ ૧૪ દલિત વાર્તા સંગ્રહિત કરાઈ છે. સંગ્રહની પ્રથમ વાર્તા 'નરક' શીર્ષકથી સંગ્રહનું નામ અપાયેલું છે. પ્રથમ વાર્તા 'નરક'માં વાર્તાની નાયિકા બાળપણમાં માના કહેવા છતાં કચરો ઉપાડવાનું કે મરેલા કૂતરા ઉપાડવાનું કામ કરવાની ના પાડી દે છે. એ જ રતનને લગ્ન પછી પરાણે ગંદકી સાફ કરવાના કામમાં જોડાવું પડે છે. પતિ પોતે ઘરે પડ્યો રહે છે ને પત્નીને બહારનાં ન ગમતાં કામો કરવાની ફરજ પાડે છે. દારુ પીતો, ગાળો દેતો સોમો જ એને જાજરૂ સાફ કરવાની ફરજ પાડે છે. મ્યુનિસિપાલિટીમાં રોડ વાળવાનું કામ કરતી નાયિકાને મોં આડે સાડી રાખીને ન કરવાનાં ઘણાં ગંદકીભર્યાં માહોલમાં કામ કરવું પડે છે. એને પોતાને પણ થાય છે કે, ''ભઈ સા'બ આ તો નરક સે નરક...તોબા પરભુ આવી જિંદગીથી તો! '' એ મુકાદમની મેલી નજરની પતિ આગળ ફરિયાદ કરે ત્યારે આંખ આડા કામ કરવામાં આવે છે. આ બધાની વચ્ચે વાર્તાંતે લોકજાગૃતિનું કામ કરે છે ફિલ્મનાં થોડાં દૃશ્યો જેમાં બંને દીકરીઓ વાસમાં ફિલ્મ જોવા ગઈ છે એ જાણી પોતે પણ કંઈક નવાઈથી જોવા જાય છે. ત્યાં જોયેલાં દૃશ્યો જીવાતી જિંદગીથી પણ બદતર છે અને અંતમાં જોવા મળે છે તેમ નાયિકાનો

---

૬૭. શ્રીમાળી ધરમાભાઈ, નરક (વાર્તાસંગ્રહ), પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ, બીજી આવૃત્તિ ૨૦૧૦.

પતિ સોમો પણ ''એકધારું દદડવા લાગ્યો હતો'' એ આંસુ પશ્ચાતાપનાં છે પણ અહીં એ પશ્ચાતાપની પડછે દેખાડી ઘેરી કરુણતા, મજબૂરી, પેટ માટે માણસને શું નું શું નથી કરવું પડતું? વગેરે ઘટનાઓ અરેરાટી ઉપજાવે તેવી છે. વાર્તાના અંતમાં થતું સોમાનું હૃદયપરિવર્તન અને પત્નીને સમજતા સોમાના આંસુ એના પાત્રનું સંવેદનશીલ પાસું વ્યક્ત કરે છે. સોમાની સંવેદનાને વર્ણિત કરવામાં આવતી ફિલ્મની ટેકનિક પણ વાર્તાની કલાત્મક બાજુ બની રહે છે. વાર્તામાં આવતાં વર્ણનો વાસ્તવને રજૂ કરે છે. મરેલા કૂતરાને ઉપાડવાની વાસ્તવિક સ્થિતિ કે ફિલ્મમાં દેખાતી મેલું ઉપાડતી ને જાતને સાચવતી પસાર થતી સ્ત્રીનું કચકડાની પટ્ટીમાં સરતું દૃશ્ય વગેરે જીવતેજીવ નરકનો અનુભવ કરાવે છે. રતનના પાત્ર દ્વારા અને ફિલ્મના દૃશ્ય દ્વારા લેખક આપણા સમાજની વરવી બાજુને ખૂબ સંયમથી અને કલાત્મક રીતે રજૂ કરી શક્યા છે. આવું કામ કરવું એમાં જ પોતાનો ધર્મ સમજતાં પાત્રો વરવી વાસ્તવિકતાને દર્શાવે છે. આવાં પાત્રોની દયનીય સ્થિતિ સહૃદય ભાવકને હચમચાવે છે. વાર્તાનું વસ્તુ અદ્‌ભુત છે અને જે રીતે રજૂ કરવામાં આવ્યું છે એ સર્જકતાનો વિશેષ બની રહે છે. દા.ત. ડબ્બો તૂટેલો હતો. તેમાંથી મેલું દદડી રહ્યું હતું. માથેથી ચહેરા લગી દદડતો રેલો ટપાક્ થતો છેક ગળા નીચે સરકી ગયો. (પૃ.૬) વગેરે.

આ સંગ્રહની બીજી વાર્તા 'ભોગ' શીર્ષકથી પ્રાપ્ત થાય છે. 'ભોગ'માં પ્રસંગ ખૂબ ટૂંકો છે. વાર્તાની શરૂઆતમાં સૌ મંદિર તરફ જમવાનું હોવાથી જઈ રહ્યાં છે. વાર્તાની નાયિકા કંકુને પણ વાસના લોકો એક પછી એક જમવા આવવાનું કહેતા જાય છે પણ કંકુ ઉપવાસનું બહાનું બતાવી જમવા જવાનું ટાળે છે. પોતાનો એકનો એક દીકરો અમરત જમવા ગયો છે. પોતે ઘરકામ કરતી પતિની છબી તરફ નજર કરે છે. અહીં ખ્યાલ આવે છે કે પતિ હયાત નથી. એ પતિની છબી જોતાં જોતાં સંસ્મરણોમાં, મીઠાં મધુર સંસ્મરણોમાં ડૂબી જાય છે. આંસુ સારે છે. દીકરાને મંદિરે

લેવા જાય છે ત્યાં રમતાં બાળકોને એક જણ ધમકાવતો નજરે પડે છે અને ખ્યાલ આવે છે કે આ બાળકો રમતાં રમતાં રસોડામાં ગયાં છે. બધાની વાતમાંથી ખબર પડે છે કે બાળકોએ રસોડું અભડાવ્યું છે. કેવી રીતે? તો રમતાં રમતાં રસોડામાં ગયા એટલે! ટોળામાંથી એક જણ કહે છે તે પ્રમાણે રસોડું અભડાવનાર દેવલા હરિજનનો છોકરો છે. આ એ જ દેવલો હરિજન છે જે મંદિરની શલ્યા ચડાવતાં ચડાવતાં નીચે દબાઈને મૃત્યુ પામ્યો હતો. લાઉડ સ્પિકરના ઘોંઘાટ વચ્ચે જમવાની સૂચનાઓ વચ્ચે કંકુ ઝડપભેર ટોળામાં ઘૂસીને પોતાના દીકરાને છોડાવીને ઘર તરફ ચાલી નીકળે છે. પોતાના દીકરા અમરતને કંઈ ખબર નથી, એ બાળક છે. માની પાછળ પાછળ ઢસડાતો હિબકા ભરતો ભરતો એ જોયા કરે છે. જેને ભોગ આપ્યો છે, ખુદ ભોગ બની ગયો છે એના બાળકને રસોડામાં જવાનો અધિકાર નથી ને જેને ભોગ આપી મંદિર ઊભું કર્યું છે, એની છત્રછાયામાં સૌ ઊભાં છે. આ વરવી વાસ્તવિકતા, વાર્તામાં જોવા મળતું દલિત નારીની વ્યથાનું નિરૂપણ હૃદયસ્પર્શી છે. વાતના છેડે જોવા મળતો તણખો અહીં કેવા આક્રોશનું રૂપ ધારણ કરે છે એ કંકુના પાત્ર દ્વારા જોઈ શકાય છે. જેના બાપે આવડો મોટો ભોગ આપ્યો છે એનો છોકરો રસોડામાં જાય તો બધું અભડાય જાય. નુકશાન કશું નથી થયું એ પણ સંવાદમાં જોવા મળે છે જેમકે, ''અમણાં દાળ ઢોળાઈ હોત નઅ!'' (પૃ.૧૧) મૂળ વાત છે કામગીરીમાં જેને ભોગ આપ્યો છે એનાં નામ લેવાય છે ને બીજી બાજુ જેનો ભોગ લેવાઈ ગયો છે એના છોકરાને મંદિરના રસોડામાં જવાનો હક્ક નથી. આ આખી વસ્તુ વ્યથિત સ્થિતિ, ભેદભાવભરી વ્યવસ્થાનો ચિતાર આપે છે. 'ભોગ' શીર્ષક અહીં નરી વક્રતાનું પ્રતીક બની રહે છે. વાર્તાની શરૂઆતમાં અને વચ્ચે વચ્ચે પ્રયોજાતો બોલીપ્રયોગ વધુ કામિયાબ બની રહે છે. આ વાર્તાસંદર્ભે ભરત મહેતાએ

કહ્યું છે કે, ''આપણી ધર્મઘેલછામાં ખરો ભોગ આપનારની થતી ઉપેક્ષાની સંયત વાર્તા તરીકે ભોગ વાર્તા સ્પર્શે છે.''[૬૮]

'ઉઝરડો' વાર્તામાં પાત્રોના સંવાદો દ્વારા જ દલિતો પ્રત્યે દાખવવામાં આવતો ભેદભાવ છતો થાય છે. ગામડાગામમાં સત્સંગની પ્રવૃત્તિ થતી હોય છે. સત્સંગ નિમિત્તે એકબીજાને વાયક દેવામાં આવે છે. દલિતવાસના લોકો ભજનમંડળી લઈને જ્યારે ઠાકોરવાસમાં જાય છે ત્યારે દલિતો માટે અલગ કપ રાખવામાં આવ્યા હોય એમાં ચા અપાય છે. ઘણા પોતાનો અલગ કપ સાથે લઈને જાય છે. દલિતોને વાટકીમાં ચા આપવામાં આવે છે તે પણ પિત્તળની વાટકીમાં. જ્યારે પોતાના માટે સ્ટીલની વાટકીમાં ચા પીવાય છે. રામદેવપીરના મંદિરના આ બાવજી ઘણી જગ્યાએ ભજનનું વાયક હોય તો પણ નથી જતા ને એકાએક જવાનું બંધ કરી દે છે. બાવજીને ખબર પડી જાય છે કે ચા આપવામાં ભેદભાવ રખાય છે. જ્યાં ભજન જેવી ધાર્મિક પ્રવૃત્તિ થતી હોય, ઈશ્વરસ્મરણ જ સર્વસ્વ હોવું ઘટે ત્યાં આ પ્રકારનો ભેદભાવ બિલકુલ અસ્થાને હોઈ છતાં રાખવામાં આવે છે.

વાર્તાનો આરંભે એકદમ સામાન્ય ઘટનાથી થાય છે. વાર્તાનાયક અને એની માના સંવાદથી શરૂ થતી વાર્તા ચા-પાણી જેવી વાતચીતમાંથી અસ્પૃશ્યતાનો સૂક્ષ્મ ભેદભાવ છતો કરે છે ત્યારે વાર્તા કળાનું નવું રૂપ ધારણ કરે છે. સાવ સામાન્ય ઘટનાને આવું વાર્તારૂપ આપવું એમાં ધરમાભાઈની સર્જનકળા દેખાઈ આવે છે. ભજનમંડળીની સાથે સાથે વ્યક્ત થતી બે સંસ્કૃતિની ભેદરેખા અને એના તાણાવાણા 'ઉઝરડો' વાર્તામાં આબાદ ઝિલાયાં છે.

'વરઘોડો' શીર્ષક જ સૂચવે છે કે આ વાર્તામાં લગ્ન વિશેની વાત હશે. બધું બરાબર ચાલે છે. મહેમાનો આવી ગયા છે. સ્ટાફમાંથી સોલંકીભાઈને આમંત્રણ આપ્યું છે સાથે આખા સ્ટાફની રાહ જોવાઈ રહી છે. મહેમાનોની બરાબર સરભરા

---

૬૮ પ્રત્યક્ષ વર્ષ ૧૨, અંક ૩, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૩, પૃ.૧૧

થઈ રહી છે. બધું વ્યવસ્થિત છે. પરમાર સાહેબના દીકરાના લગ્ન છે. એમનું મકાન હતું પણ ગામમાં જ અવસર કાઢવાની હોંશે ગામડામાં લગ્ન રાખ્યા છે. જમણવારમાં વી.આઈ.પી. આવ્યા છે. પોતે નોકરિયાત વ્યક્તિ છે. લગનમાં મહેમાનો સૂટ-બૂટ અને ટાઈ બાંધીને આવ્યા છે. રસોડામાં ''સ્પેશ્યલ રસોઈયા બોલાવ્યા છે''- ચહેરા પર ખુશી છે ને હજુ જમણવાર શરૂ નહોતો થયો કેમ કે જાનનો વરઘોડો નીકળવાને ખાસ્સી વાર હતી. બધા પરમાર સાહેબની જાહોજલાલીથી પ્રભાવિત છે. નાયક સિગારેટ પીવાની ઇચ્છાથી ગલ્લે જાય છે ત્યાં યુવાનોને અંદરોઅંદર ગૂસપૂસ કરતા સાંભળે છે. નાયકને કશું સમજાતું નથી પણ બધાની નજર મહોલ્લા પર છે. ત્યાં જ કાભાઈસાહેબ આવે છે. ફૂલોની પાંદડીઓથી સ્વાગત થાય છે. એમની જ રાહ જોવાતી હતી. હવે જમણવાર શરૂ કરવાની વાત થાય છે ને ફટાફટ જમણવાર પછી શાંતિથી વરઘોડો કાઢવાની વાત થાય છે. બધું બરાબર ચાલે છે ત્યાં ગામલોકો નાકું રોકીને ઊભેલા જણાય છે. વિરોધ થાય છે. પરમાર સાહેબ કાયદાનો સહારો લે છે. પણ દાનસંગજીનો અવાજ ''બંધ કરો મેવડા રમાડવાનું....મારા બેટા ફાવી જ્યા સી'લ્યા આ તો.....'' દ્વારા રુગ્ણ માનસિકતા છતી થાય છે. મિનિસ્ટર કાભાઈ ખુદ લગ્નપ્રસંગમાં છે પણ એમની સામે જ ટોળું અંદર આવી જાય છે. વરઘોડો તૈયાર થવામાં હતો ત્યાં.....મારો......તોડો.....ફોડો......ભાગોની બૂમો પડે છે. બૂમો વચ્ચે પરમારસાહેબ ઘેરાય છે. પોતે સજ્જન વ્યક્તિ હોઈ મિનિસ્ટરને સાવધાનીથી વળાવી દે છે. રમખાણ વધી ગયું. પથ્થરની જગ્યાએ કાકડા દેખાણા ને ઘોડીવાળો પણ પરમારસાહેબનો જ વાંક કાઢતો ચાલ્યો જાય છે. ટોળાને આ જ જોઈતું હતું. ટોળું ખુશખુશાલ થતું પાછું વળી જાય છે. થોડીવારમાં જ્યાં વરઘોડો નીકળવાનો હતો ત્યાં હાલ બધું રફેદફે કરી નાખવામાં આવે છે. વાર્તાના અંતમાં વરરાજાને

ધક્કે ચડાવતો બતાવાય છે. અંતે ઉંબર ઓળંગીને ખુલ્લામાં આવવાનું કરતો એ ''છોડો મને....'' બોલતો હાથમાં પકડેલી તલવારનું મ્યાન હટાવી રહ્યો હતો.

અહીં ગામલોકો દ્વારા વરઘોડાનો થતો વિરોધ અને પરમારસાહેબની બધી વાતે પહોંચ, પોતે વગદાર વ્યક્તિ હોવા છતાંય ટોળાની વચ્ચે એમનું કશું ચાલતું નથી. અધૂરામાં પૂરું એમના દીકરાને પણ ટોળું ધક્કે ચડાવે છે. અહીં જોઈ શકાય છે કે ભણીગણીને દલિત વ્યક્તિ પોતાનો હક્ક મેળવતી થઈ, સદ્ધર થઈ પરંતુ ગામલોકોની માનસિકતા હજુ ત્યાંની ત્યાં જ છે. માત્ર દલિત હોવાને નાતે એમને કોઈ ખુશી મનાવવી હોય તો ગામ વચ્ચે થઈને વરઘોડો ન કાઢી શકે આ કેવી માનસિકતા? વ્યક્તિના સામાજિક દરજ્જાને નેવે મૂકીને જાતિના આધારે નીચો દેખાડવામાં આવે ત્યારે ખોખલી માનસિકતા છતી થઈ જાય છે. વ્યક્તિને વ્યક્તિ તરીકેનો સામાજિક દરજ્જો તો ત્યારે જ મળ્યો ગણાય જ્યારે એને સમાન દૃષ્ટિથી જોવામાં આવે પણ વાર્તામાં વરઘોડાની ઘટના દ્વારા આખી વરવી સ્થિતિનો ચિતાર ખડો થઈ જાય છે. આ વાર્તાસંદર્ભે યોગ્ય રીતે જ કહેવાયું છે : દલિતો ગમે તેટલો પ્રતિષ્ઠિત હોદ્દો ધરાવતા હોય છતાં સામાજિક મોભો પ્રાપ્ત કરવો તેમના માટે મુશ્કેલ છે. ઉચ્ચવર્ગના લોકોની દલિતોને વરઘોડો ન કાઢવા દેવાની ઈર્ષ્યાવૃત્તિનું આલેખન વાર્તામાં થયું છે.[૬૯]

સાહિત્યમાં સમાજનું પ્રતિબિંબ પડે છે એ વાત સર્વસામાન્ય છે. આમ તો સાહિત્ય સમાજનું પ્રતિબિંબ ઝીલે છે કેમકે વાર્તામાં નિરૂપાતી આ પ્રકારની ઘટનાઓ સમાજમાં, વર્તમાનપત્રોમાં અવારનવાર જોવા મળે છે. દલિતોને ઘોડી પર ન બેસાય, ગામના કૂવાનું પાણી જાતે ન પીવાય, એના નળ નોખા, એના ચા ના કપ નોખા આવી ઘટનાઓમાં દલિતો પ્રત્યેનો ભેદભાવ સહજભાવે થતો અને

---

૬૯. મકવાણા ગંગારામ, દલિત વાર્તાવૃત્તાંત, વિક્રેતા : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨, પૃ.૮૧

સ્વીકારાતો જોવા મળે છે. સાહિત્ય એ સંવેદનને જુદાં-જુદાં સ્વરૂપે વ્યક્ત કરી દલિતોની વેદનાને યોગ્ય સંદર્ભે વાચા આપે છે.

'ભાત' વાર્તામાં રત્નો ઘેમરને ત્યાં સાથી તરીકે કામ કરે છે. પોતે ઈજુ સામે નીચું જોઈને વાત કરે છે. પૂરી મર્યાદા જાળવે છે પણ ઈજુનો પતિ ઘેમર અફીણ અને ચા નો બંધાણી છે. એ નફકરો થઈને ફરે છે. ઈજુ રત્ના પ્રત્યે આકર્ષાય છે. વાડીએ રત્નાને આગ્રહ કરીને ભાતમાં લાવેલ ભોજન ખવડાવે છે. રત્નો પોતે સાથી તરીકે ખૂબ મહેનત કરે છે. કસાયેલું શરીર છે. જેઠી ડોસી એની પાસે ખેતીકામ કરાવીને ખૂબ મહેનત કરાવે છે. રત્નાને થાય છે કે ડોસીના વખતમાં ક્યારેય ઘી-ગોળની આશા નહોતી કરી ને ભાત પણ જાણે કૂતરાને ખવડાવતી હોય તેમ ખાવાનું આપતી. પરંતુ ઈજુ આવી પછી રત્નાને ઘી-કેળાં છે. એ આગ્રહ કરી કરીને રત્નાને ઘેંહ ખવડાવે છે. એ કહે છે પણ ખરી કે, ''ખોંવન, ખાશો તો કોમ કરશો.'' (પૃ.૨૭) ઈજુની બધી ક્રિયાઓ રત્નાને પોતાના પ્રતિ આકર્ષિત કરનારી છે પણ રત્નો બિલકુલ ભોળાભાવે ઈજુને જુએ છે. ઈજુ રત્નાને બોર ચાલુ કરવાનું કહે છે. રત્નો ઓરડી તરફ જાય છે અને લાઈટ કરે છે. એ બોર ચાલુ કરવાનું બટન દબાવવા જાય એ પહેલા જ ઈજુ ઓરડીમાં આવી લાઈટ બંધ કરી દે છે ને બારણા આડો હાથ ધરી રત્નાની ના હોવા છતાં રત્નાને ભોગવે છે. બહાર બોરનું પાણી ઢાળિયો તોડીને જઈ રહ્યું હોઈ જેઠી ડોશી આવતાં આવતાં 'બોર બંધ કરજે' નો હુકમ છોડે છે. વીજળીવેગે ઓરડીમાંથી બોર બંધ કરીને નીકળતા રત્નાનો પગ ભાતને અડે છે ને જેઠી ડોશીના શબ્દો 'ઘેમરાનું ભાત અભડાયુંનૂ!' એને કાને અથડાય છે. અહીં 'ભાત' શબ્દ દ્વારા વ્યક્ત થતું રૂપક ને એમાંથી વ્યંજિત થતો મર્મ વાર્તામાં ધારી અસર ઊભી કરે છે.

વાર્તાનો અંત ખૂબ ચોટદાર છે. 'ભાત અભડાયું' શબ્દની આગળ ઘેમરાનું શબ્દ ગોઠવીને લેખકે બેવડા અર્થને વ્યંજિત કર્યો છે. સીધું દેખાય છે એ તો એ છે કે

સાથી તરીકે રહેતા રત્નાને ભોગવવામાં ઈજુને આભડછેટ નથી લાગતી પરંતુ ભાતને પગ અડી જાય એ પણ ભૂલથી, તો ય રત્નાને ડોશીના ગુસ્સાનો ભોગ બનવું પડે છે. 'ભાત' વાર્તાનાં વર્ણનોમાં ધરમાભાઈની સર્જકતા ખીલી ઊઠે છે. પ્રસંગાનુરૂપ વર્ણનો ને પાત્રની સૂક્ષ્મ ક્રિયાઓ બહુ સાહજિક રીતે નિરૂપાઈ છે. જેમકે: ''રત્નાએ સૂનમૂન ચહેરે ઢાળિયા તરફ પગ ઉપાડ્યા'' (પૃ.૨૭) ક્યારેક ક્યારેક થતા મોરલાના ટહુકા, વરસાદી પાણીમાં ક્યાંક ક્યાંક દેડકાનું બોલવું અને કાબર ચકલાનો કલબાટ......રત્નો ઈજુનો મનોમન આભાર માને છે ત્યારે પણ ઈજુની ક્રિયાઓ: ''રત્નાભાઈ, ઊભા રે'જો લગીર.......''માં આમંત્રણનો ભાવ ડોકાયા કરે છે. ''બધ્ધું તમારા ઉપર જ નભઅ્ એવું સઅ્ અવઅ્ તો.....'' દ્વારા ઇંગિત થતો મનોભાવ પણ ભાષા પાસેથી ધાર્યું કામ લેવાની લેખકની સૂઝ વ્યક્ત કરે છે.

'કુંડ' વાર્તામાં ઘટના એકદમ નાની છે. એક વાક્યમાં સમાય જાય તેવી, પરંતુ એમાં જે ઉંડાણ ભર્યું છે એ હૃદયને સારી નાખે એવું છે. માનવીય સ્વાર્થ અહીં ભારોભાર દેખાય છે. પોતાનો સ્વાર્થ હોય ત્યાં અસ્પૃશ્યતાપણું આડે આવતું નથી પણ જરાક આડુંતેડું થયું તો એને જ હથિયાર બનાવીને દલિતો સામે ઉગામવામાં આવે છે એ અહીં સૂચિત થયું છે.

વાર્તાનું પ્રથમ વાક્ય ''મગન એની ચાલમાં મસ્ત હતો'' (પૃ.૩૧) સાવ ઉપલક લાગે પણ આટલી હદે પોતાના કામમાં રત મગનને ગામના મણિશંકર શેઠ સાથે નજીવી બાબતમાં વાંકું પડે છે ત્યારે એ આનંદ અને પછીની ઘટના જોતા આક્રોશમાં ફેરવાઈ જાય છે. મગન પોતે ચંપલ બનાવે છે એ માટે કુંડમાં ચામડું પલાળી રાખે છે. વર્ષોથી આ કામ આ જ જગ્યાએ થાય છે પણ મગન આ સાલ મણિશંકરને આડકતરી રીતે ચંપલ બનાવવાની ના પાડે છે. શેઠના કહેવા પ્રમાણે એના બાપ-દાદા પણ જોડા આપતા હતા પણ મગનના કહેવા મુજબ

''હવઅ્....એ વે'વાર હાચબ્બા જઉં તો સોકરાં ભૂસે મરી.....'' સમય પ્રમાણે એને મફતમાં ચપ્પલ બનાવી આપવા પોષાય તેમ નથી. આ બનાવ પછી વાર્તામાં લેખકે આખી ઘટનને વ્યંજિત કરતું પરિસ્થિતિની વક્રતા દર્શાવતું અદ્ભુત વાક્ય મૂક્યું છે : ''એ પછીના થોડા દિવસો બાદ મગનના કુંડ ગામમાં ગંધાવા લાગ્યા!''(પૃ.૭૭)

આ બનાવ પછી કુંડનો વિરોધ થાય છે. વર્ષોથી કુંડની ગંધ કોઈને નડતી નહોતી અને આ વર્ષે ના પાડી એટલે કુંડ ગંધાવા લાગ્યા એની મગનને ખબર છે. પોતે કુંડની જગ્યા ફેરવી નાખે છે. દરરોજ ખૂબ મહેનત કરીને માથે ભાર ઉંચકીને ખેતરે બનાવેલા કુંડ સુધી જાય છે. કુંડ તરફ જતા પોતે રસ્તામાં મોજડીની ભાત જુએ છે. રસ્તામાં પોતાને આ વર્ષ મફતમાં એક જોડી જૂતાં આપી દીધાં હોત તો ? એવો અફસોસ પણ થાય છે. એવું કર્યું હોત તો એને દરરોજ નેળિયા વાટે ભાર ઉંચકીને દૂર સુધી જવું ન પડત.

ખરાબા જેવી જમીનમાં પોતે કુંડ કર્યો છે. કુંડ સુધી આવતા રસ્તામાં જોયેલી મોજડીની ભાત એના વાડા સુધી લંબાય છે. એને ખ્યાલ આવે છે કે કુંડ સુધી કોઈક આવ્યું છે. જુએ છે તો એક સ્ત્રી પોતાના બાળકને કુંડ સુંઘાડવા કુંડ પાસે ઝૂકીને બેઠી છે ને એક વ્યક્તિ નાક પર કપડું ઢાંકીને ઊભો છે. સ્ત્રી કુંડનું પાણી બાળકના હાથે, પગે, સાંધે, ગળે, પેટે, તાળવે અડાડે છે. બાકી રહી જવાથી અંતે હોઠ પર પણ લગાડે છે. સ્ત્રી બાળકના હોઠ પર પાણી અડાડવા જાય છે ત્યાં જ મગને ચામડુ માથા પરથી નીચે ઉતારતા પૂછ્યું કે, ''કુણ સઅ્ ભઈ ?'' તરત ખ્યાલ આવે છે કે આ તો મણિશંકર અને એની પત્ની જ કુંડ સુધી આવ્યાં છે.

સાવ ક્ષુલ્લક વાતને મોટું સ્વરૂપ આપીને મગન જેમાં મગન હતો એવા કુંડને હતોનોતો કરી નાંખવામાં આવે છે. એ કુંડની બધાને ગંધ આવે છે કેમકે મગને મફતમાં ચપ્પલ આપવાની ના પાડી પણ એ જ શેઠ મંછી બાવણે કીધા પ્રમાણે માન્યતાને આધાર માનીને કુંડ સુધી જાય છે ત્યારે કુંડની ગંધ નથી આવતી. સ્વાર્થ

માટે બધું ભૂલીને જે કુંડ ગંધાતો હતો એના જ પાણીનો પોતાના બાળકને સ્પર્શ કરાવવાનો થાય છે ત્યારે બધું ભુલાઈ જાય છે. લેખકે જનમાનસથી પોકળતા અને દંભને ખુલો પાડી બતાવ્યો છે. બે ઘટનાઓને સામસામે મૂકીને ''જક્સ્ટાપોઝ'' રચી આપ્યો છે. અહીં અંતમાં વિદ્રોહ છે પણ વિદ્રોહની સાથે સાથે મણિશંકરના વર્તનમાં જોવા મળતી લુચ્ચાઈ, અતિસ્વાર્થી સ્વભાવ વગેરે બખૂબી નિરૂપાયા છે. જે કુંડ એક વ્યક્તિને નભાવી શકે છે જે કુંડ બધાનાં દુ:ખ દૂર કરી શકે છે એની ગંધ માત્ર મફતમાં ચપ્પલ ન આપવાથી એકના બદલે દરેકને લાગવા માંડે ને સામે પક્ષે ચૂપચાપ, વિરોધ વગર કુંડ ખસેડાય અને એમ જ એનો વગરપરવાનગીએ ઉપયોગ થાય ત્યારે કશું આડે આવતું નથી એ વાત અહીં આબાદ રીતે ઝિલાઈ છે. જે કુંડને મણિશંકર ગામબહાર ખસેડાવે છે એ જ કુંડ પાસે બાળકને અભડાવવા જતા મણિશંકરનું સ્વાર્થીપણું અને ભોંઠપ વાર્તાકાર આબાદ રીતે નિરૂપી શક્યા છે.

''સડો'' વાર્તામાં મગનભાઈ અનામત સીટ પર ગામના સરપંચ બને છે. ગામમાં લાયબ્રેરી છે. શિક્ષિતવર્ગ છે અને મદદ કરવાની ભાવનાવાળા યુવાનો પણ છે. ગામમાં આવેલી લાયબ્રેરીનો ચાર્જ જૂના સરપંચ ખોડાભાઈ પાસે છે. ગામનો શિક્ષિત યુવાન મનુ અને મગનભાઈ સરપંચ ખોડાભાઈ પાસે જાય છે. એ શરતે કે જૂની લાયબ્રેરી નવા મકાનમાં લાવી દઈએ. મનુની વાત દ્વારા જાણવા મળે છે કે હવે ગામમાં પહેલા જેવું નથી રહ્યું; ઘણું સુધરી ગયું છે. ગામમાં મગનભાઈ સરપંચ બન્યા પછી આભટછેટ જેવું લાગતું નથી. ગામમાં ઘણાબધા ફેરફાર આવી ગયા છે. ખોબા જેવડા ગામની કાયાપલટ થઈ ગઈ છે. ગામ ઘણું સુધરી ગયું છે એવા વિચારોની વાટ પર અને પહેલા તો કેવું હતું ને હવે કેવું છે એની સરખામણી કરતાં કરતાં મનમાં ખૂબ ખુશ થતો મનુ મગનભાઈ સાથે ખોડભાઈના ઘર તરફ જઈ રહ્યો છે. એને ખોડભાઈ પ્રત્યે ખૂબ સદ્‌ભાવ થઈ રહ્યો છે. ખોડભાઈ પોતે મેટ્રિક ભણેલા છે. સુધારાવાદી દેખાય છે. છોકરાઓને પોતે ભણાવવા બેસી જાય. ખોડભાઈ વિશે

ખૂબ સારા વિચારોમાં રાચતો મનુ ખોડભાઈના ઘરે મગનભાઈ સાથે પહોંચે છે ત્યારે મગનભાઈને અલગ પાથરણા પર બેસાડવામાં આવે છે. શિક્ષિત મનુ આ બધું જોઈ રહે છે. એ વિચારે છે કે ખોડભાઈ સરપંચ હતા ત્યારે વાસમાં આવતા એ વખતે આખો વાસ હાજર થઈ જાય. બધા ઉભડક બેઠા હોય ને ખોડભાઈ વટથી ખાટલે બેસતા પણ અત્યારે ખોડભાઈ મગનભાઈને અલગ પાથરણા પર બેસવાનો ઈશારો કરે છે ને પોતે અલગ જગ્યા પર બેસે છે. મનુ પોતે શિક્ષિત હોવાથી એને આ ઘટના જોઈને લાગી આવે છે પણ મગનભાઈ બહુ સાહજિકતાથી લાયબ્રેરીનું રજિસ્ટર અને પુસ્તકો ફંફોસે છે. સડી ગયેલાં પુસ્તકોમાંથી ઊધઈ નીકળી રહી છે ને ઊધઈથી દૂર રહેવા જીવણ અને મગનભાઈ બંને પાછા હઠતા હતા. મનુ પોતે જે ગામને નવા પરિવેશમાં જોઈ રહ્યો હતો એ આ એક જ બનાવથી બધું ચકનાચૂર થઈ જાય છે. સડી ગયેલાં પુસ્તકોમાંથી નીકળતી ઊધઈ ખોડભાઈના પગ નીચે એક લાંબી લાઈન બનીને જાણે સરકી રહી છે. અહીં વાર્તાનો અંત આવે છે પરંતુ એ દ્વારા સૂચિત થાય છે કે આ સડો હજુ વધુ ને વધુ વકરતો જાય છે. સડો શબ્દ દ્વારા વ્યક્ત થતું ઊધઈનું પ્રતીક અને એ દ્વારા વ્યક્ત થતી વિષમ સામાજિક સ્થિતિનું આલેખન ચોટદાર છે. આખી વાર્તા ખૂબ જ સામાન્ય ઘટનાથી આકાર લે છે અને અંતે નાની ઘટના દ્વારા દંભને ખુલ્લો પાડી દે છે. બોલીપ્રયોગ ઓછો છે પણ નાની ઘટના જ તણખાનું કામ કરી ઘટનાને સુચારુ બનાવે છે. પુસ્તકમાં જેવો સડો વ્યાપી ગયો છે એવો જ આભડછેટરૂપી સડો વ્યક્તિમાનસમાં પણ ઘર કરી બેઠો છે. એ આજે પણ એવો જ ફેલાતો જાય છે. વ્યક્તિ શિક્ષિત હોય કે અશિક્ષિત પણ નાની નાની વાતે વ્યક્તિને અસ્પૃશ્યતાનું કેવું ભાન કરાવવામાં આવે છે. એ અહીં તાદૃશ થાય છે. આ સંદર્ભે ભરત મહેતાએ કહ્યું છે કે, ''ખૂબ જૂનાં પુસ્તકોમાંથી નીકળેલી

ઊધઈ રૂપકાત્મક રીતે સવર્ણચિત્તમાં ઊંડે ઊંડે પડેલી સૂક્ષ્મ આભડછેટવૃત્તિને સૂચવી રહે છે.''[૭૦]

'ડંખ' વાર્તા એક સાથે અનેક સ્તરે વિસ્તરે છે. વાર્તાની શરૂઆતમાં તખોજીની પત્નીને વીંછી કરડ્યો છે ને વાસમાં ભગત પાસે વીંછી ઉતરાવવા આવ્યાની ઘટના વડે વાર્તા આરંભાઈ છે. વીંછી ઉતારતાં ઉતારતાં ભગતને રાખથી ચપટી ભરતા ઢીંચણ તરફ હાથ લંબાવતા જોઈ તખાજીના મનમાં આ જ વાસમાં પોતે જવલ ડોસીની વહુએ સંજાપવાળો ઘાઘરો પહેર્યો હતો ત્યારે પોતે કેવી ધમાલ મચાવી હતી એ ઘટના યાદ આવે છે, એ વખતે ન સંભળાય તેવી ગાળો દે છે, પોતાની ડાંગ વડે રોફ જમાવે છે અને આખા વાસમાં સોપો પડી જાય છે. માત્ર અને માત્ર સંજાપ નાખેલો ઘાઘરો પહેર્યો હતો એ ઘટનાથી તખાજી પોતાના વર્ણની સ્ત્રીઓ પહેરે એવો ઘાઘરો એક દલિત સ્ત્રીએ શા માટે પહેર્યો એ બાબતે હોબાળો મચાવે છે.

વાર્તામાં વીંછીના ડંખની વેદના વર્ણવાઈ છે પરંતુ વીંછીના ડંખની વેદના કરતા વાસમાં તખાજીને ભગત પાસે વીંછી ઉતરાવવા આવવું પડ્યું છે એ એમના માટે વીંછીના ડંખ કરતા વધુ તીવ્ર છે. વાર્તાનું વસ્તુ માત્ર આટલું જ છે કે ભગત પાસે તખાજી પોતાની પત્નીને લઈને વીંછી ઉતરાવવા આવે ને ઘરે પાછા જાય પરંતુ વાર્તામાં સમાંતરે બીજા ઘણાબધા ગમા-અણગમા નિરૂપાયા છે. રતનનો ઘાઘરો, ભગત પાસે વીંછી ઉતરાવવા આવવું અને પત્નીને વીંછી ઉતારતા ભગતને જોઈને તખાજીના મનમાં ઉઘડતા જાતીયતાના ભાવો વાર્તાનો મોટો ભાગ રોકે છે. આ પ્રકારનાં વર્ણનો દ્વારા ગુજરાતી દલિત વાર્તા કેવા સૂક્ષ્મસ્તરે વિહાર કરે છે એ જોઈ શકાય છે. મંત્ર જપતાં જપતાં ભગત તખાજીના પગને સહેજ આધાર કરીને ભોંય પર હળવેગથી ઠપકારવાનું કહે છે ત્યારે ઢીંચણ પરનો ઘાઘરો આઘોપાછો

---

૭૦ પ્રત્યક્ષ, વર્ષ ૧૨, અંક ૩, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૩, પૃ.૧૨

થાય છે ત્યારે તખાજીના મનમાં નવી નવી સાસરે આવેલી રતન અને એનો સંજાપ નાંખેલો ઘાઘરો ફરી પાછો તાજો થતોક્ ને રૂમઝૂમ રૂમઝૂમ થવા માંડ્યો. એક બાજુ વીંછીની વેદનાનું આલેખન છે તે એકબાજુ જાતીયતાનું આલેખન કરતાં વર્ણનો. આ બંને ઘટનાઓને બાજુ પર રાખતી ત્રીજી ઘટના છે તખાજીને વાસમાં આવવું પડ્યું છે. એ આવ્યા નથી પણ આવવું પડ્યું છે એનો રણકાર વાર્તાના અંતમાં ''હેંડનઅ્.....રાં.....વેંચી કૈડ્યો સઅ્ કાંઈ હાપ્ નથી કૈડ્યો તે...''(પૃ.૪૭) દ્વારા વ્યક્ત થતા ગુસ્સામાં જોઈ શકાય છે.

વાર્તામાં વિદ્રોહ નથી પણ આભડછેટની વાત તખાજીનાં વાક્યમાં વેધક રીતે વર્ણવાઈ છે. દલિત વ્યક્તિના જીવનમાં પણ તે કેટલી સાહજિક રીતે વણાયેલી છે એ એની લાચાર સ્થિતિને જોતા ખ્યાલ આવે છે. દા.ત. ''રા....રતની, લે......લેતી જા! મું કે'તી'તી કઅ્ લી વઉ આ ઘાઘરો આપડાથી ના પે'રાય....'' ''રાંડ, કપાતરે.......મારા ઘરના ધજાગરા કરાયા રે.....'' વગેરે. વાસના અન્ય લોકો પણ રતનનો જ વાંક કાઢે છે ને ડોશીની દયા ખાય છે. એ વખતે આ જ ભગતે ઘરમાં ચત્તીપાટ પડેલી રતનના મોં પર પાણી છાંટી ભાનમાં લાવવા પ્રયત્ન કરેલો. એ પછી રતનના શરીરમાં બીમારી ઘર કરી ગઈ હતી. રતનને લાગેલો આઘાત જિંદગીભરનો છે. ભગત એ ઘટનના સાક્ષી છે છતાં એ જ ભગત તખાજીના પત્નીને વીંછીનો ડંખ ઉતારવાની વિધિ કરે છે પણ ડંખ ઉતારતા નથી, અલબત્ત ડંખ પર લેપ લગાડવાની સલાહ આપે છે પણ એ સાંભળવા જેટલી ધીરજ તખાજીમાં નથી રહેતી. આવા સમયે પણ એના મનમાં જાતીયવૃત્તિ સળવળે છે ને વાસ છોડી ચાલ્યો જાય છે.

આમ, 'ડંખ' વાર્તા એક સાથે અનેક સ્તરે આગળ વધે છે. વાર્તામાં આવતાં વર્ણનો અને એમાંથી પ્રગટતું સંવેદન વાર્તાકારનો વિશેષ બની રહે છે.

'ખુન્નસ' વાર્તામાં વાર્તાનાયક શિક્ષિત છે. નોકરી કરે છે. સરકારી નોકરી કરતો વાર્તાનાયક ઉંચા હોદ્દા પર છે. એને ઓફિસમાં બેઠા બેઠા પોતે વિતાવેલા બાળપણના દિવસો યાદ આવે છે. ઓફિસમાં કામ અર્થે પોતાના ગામના જ સરપંચ આવે છે. ગામમાં પાણીની તકલીફ છે એ સરપંચની વાત દ્વારા જાણવા મળે છે. આ પ્રશ્નનો ઉકેલ હવે નાયકના હાથમાં જ છે એ પણ વાતવાતમાં જાણવા મળે છે. બંને સામસામે બેઠા હોય છે ત્યારે જ નાયકના મનમાં ભૂતકાળમાં મા સાથે બનેલો બનાવ આકાર લે છે. ગામમાંથી આવેલ એ વ્યક્તિ પણ કશાક ભાવ સાથે એને જુએ છે. વાર્તા પીઠઝબકારની પ્રયુક્તિથી આગળ વધે છે.

ગામના કૂવે વર્ષો પહેલા નાયકની મા પાણી ભરવા ગઈ હતી ત્યારે નાયક પણ એની સાથે હતો. એ વખતે પાણી ભરેલી કુંડીમાં કોઈ નાહી રહ્યું હતું અને નાયકની મા સામે ખરાબ નજરે જોઈને શું કહ્યું હશે એ બાળમનને ખબર નથી પણ મા ખૂબ ગુસ્સે થયેલી અને ખાલી ઘડે ઘરે પાછી ફરે છે એ નાયકને યાદ છે. આજે આ સામે આવી બેઠેલો, પાણીનો પ્રશ્ન લઈને આવેલો સરપંચ અને કુંડીમાં ન્હાતો પેલો માણસ બંને એક જ છે એ નાયકને યાદ આવી જાય છે. નાયક માત્ર મૌન રહીને પોતાનું મન ફાઈલના કાગળ પર સ્થિર કરે છે.

સરપંચ જોઈતારામને થાય છે કે આ શું મારું ધૂળ કામ કરશે ? એને ખાતરી થાય છે કે આ કામ નહીં થાય. ગામમાં જઈને હોબાળો થાય છે. પંચાયત કચેરી સામે અડધું ગામ આવી ઊભું છે ત્યારે કહેવામાં આવે છે કે, "તમારો સે.... ઈને જ બોર મંજૂર કરવામાં ઢીલ કરી સે...." વગેરે આક્ષેપો દલિતો પર થાય છે ત્યાં જ બપોરની બસ આવે છે ને તલાટી દ્વારા જોઈતારામને કાગળ આપવામાં આવે છે.

વાર્તાના અંતમાં ખ્યાલ આવે છે કે બોર મંજૂર થઈ ગયો છે. સરપંચની પ્રતિક્રિયા અહીં જોવા જેવી છે. પોતે ઝંખવાણા પડી જાય છે એને પોતાને મંજૂરી માટેની મુલાકાત એવી ઠસી ગઈ છે કે પોતાને રહી રહીને વર્ષો જૂની ઘટના યાદ

આવ્યા કરે છે. પોતાની ઉંઘ ઊડી ગઈ છે. પોતે જે વિચારતા હતા કે બોર મંજૂર નહીં થાય એવું કશું જ ન થયું. નાયક પોતે અંગત ઘટનાને, પોતાની જ મા સાથે થયેલા બનાવને ભૂલીને ગામનું હિત હૈયે ધરે છે ને બોર માટે મંજૂરી આપી દે છે. અહીં બધું ભૂલીને, ન ભૂલવાની ઘટનાને નજરઅંદાઝ કરીને નાયક પોતાના ગામ માટે જે પગલું ભરે છે એ ઘટનામાં એનો ગામ પ્રત્યેનો સ્નેહ, વ્યક્તિ પ્રત્યેનો દ્વેષ ભૂલીને સમષ્ટિગતભાવ વ્યક્ત થાય છે. પોતાના અંગત બનાવને બાજુ પર રાખી પોતાના પર મૂકેલો વિશ્વાસ પોતે જીતી લે છે. સરપંચને ખબર પડી ગઈ છે કે હવે કોઈ સંજોગોમાં બોર મંજૂર નહીં થાય ત્યારે પણ ખુદને કોસવાને બદલે એ ગામલોકો પર આક્ષેપો કરે છે. બંને પાત્રોનાં વાણી-વર્તન, ક્રિયા-પ્રતિક્રિયા અહીં ધ્યાન ખેંચે છે. નાયક તદ્દન મૌન રહીને ફાઈલમાં નજર પરોવી દે છે તો સરપંચ જોઈતારામ પોતાને ભૂતકાળની ઘટના યાદ આવ્યા પછી પણ મનોમન પસ્તાવાને બદલે ધીરજ ખોઈ બેસે છે. અને ''શું ધૂળ કાંમ કરઅ્ કઅ્?'' એમ બોલી ઊઠે છે પરંતુ એના આશ્ચર્ય વચ્ચે બોરની મંજૂરીનો કાગળ આવે છે. અહીં મોહન પરમારની વાર્તા 'આંધુ'નું સ્મરણ થઈ આવે. બધું ભૂલીને માનવતાનો ડોકાતો મુખ્ય ભાવ દલિત પાત્રને નવી ઉંચાઈએ લઈ જાય છે. ખુન્નસમાં ગામનું હિત હૈયે છે તો આંધુમાં વ્યક્તિનું. એનો ભાવ સનાતન છે.

અહીં વિદ્રોહ નથી. શોષણ પણ નથી પરંતુ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની માનસિકતામાં શું ફરક છે એ સૂક્ષ્મસ્વરૂપે દર્શાવવામાં વાર્તાકળા ઓર નિખરે છે.

'છાપરું' લેખકની અગાઉની બધી વાર્તાઓ કરતા નોખો ચીલો ચાતરે છે. છાપરું, ઘરને સજીવારોપણને સહારે મલાવતા મલાવતા આ લેખક જીવનની વાસ્તવિકતાને બરોબર ઉપસાવી આપે છે. 'છાપરું' પોતે વાર્તામાં પ્રતીક બને છે ને જીવંત બની રહે છે. આખી વાર્તા નિબંધની શૈલીએ લખાઈ છે. અહીં કોઈ ઘટના નથી, અન્ય કોઈ પાત્ર નથી છતાં છાપરાની વાત દ્વારા ઘણું બધું કહેવાઈ જાય છે.

છાપરાની કથા દ્વારા જીવતી વ્યક્તિ, વાર્તામાં નિરૂપાયું છે એવું જીવન જીવતી વ્યક્તિ જે દલિત, ગરીબ, શોષિત છે એ અહીં વર્ણવાયાં છે. એ પીડા છાપરાની છે ને છાપરામાં રહેતી વ્યક્તિની સાથે સાથે મનુષ્યમાત્રને સ્પર્શી જાય છે.

વાર્તાના આરંભે પહેલું જ વાક્ય છે કે- ''ટૂંટિયું વળીને પડેલું છાપરું સહેજ સળવળ્યું'' (પૃ.૫૩) અમાસની અંધારી રાત જેમ છાપરા માથે ફરી વળી છે એ જ રીતે ઘરની અંદરની સ્થિતિ એ છે એ પછીના ફકરામાં જોવા મળે છે. લેખકે છાપરું પરણ્યું ત્યારથી માંડીને એના રંગઢંગ અને છાપરામાંથી ઘર બન્યું ને ઘરમાંથી ફરી છાપરું કેવી રીતે બને છે એ ક્રિયાઓ જીવંતપણે દર્શાવી છે. છાપરું જાય કમાવા ને છાપરું સાચવે પેટ, છાપરું તો માથે છાપરું ઓઢીને હેમખેમ પોઢે, જાગે, હસે, બોલે, રમે, વઢે, બાઝે, સણકે, ભણકે કે ફરીપાછું રાત પડે ઓળઘોળ ઓળઘોળ.(પૃ.૫૪) વગેરે ક્રિયાઓમાં છાપરુંનું વ્યક્તિમાં થતું રૂપાંતર જોઈ શકાય છે.

વાર્તામાં આવતી થોકબંધ કહેવતો લેખકની સૂક્ષ્મ ભાષાસૂઝ દર્શાવે છે. દા.ત. પોપટ આંબાની ડાળ, પોપટ કટ્ કેરી ખાય, દાંત આપ્યા છે ચાવણુંયે આપશે, ભૂખ્યા ઉઠાડે કાંય ભૂખ્યાં ઊંઘાડે? ભોંયના પડ્યાં ભોંય ઓછાં પડ્યાં રાખે?, કીડીને કણ ને હાથીને મણ ઇત્યાદિમાં વ્યક્ત થતો વ્યંગ એક વાક્ય દ્વારા આબાદ રીતે રજૂ થયો છે. જેમકે- ''આ બધુંય મોં વકાસીને ચડી બેઠું છાપરે તે છાપરું કેમનો ઝીલે ભાર!''

વાક્યોમાં શબ્દોના ક્રમ ઉલટસૂલટ કરીને લેખકે ગદ્યને રમતું રાખ્યું છે. થોડું કવિતાશાઈ પણ લાગે છે પરંતુ એ દ્વારા નિપજતું કારુણ્ય વાર્તાને વાર્તા બનાવે છે. છાપરાને ના રહ્યું છાપરું ને છાપરું થઈ ગયું જીવતી લાશ જેવા વાક્યપ્રયોગો દ્વારા અસહ્ય ગરીબીનું જીવંત ચિત્ર ઊભું થયું છે. આ પ્રકારના પ્રયોગો ગુજરાતી દલિત

વાર્તાક્ષેત્રે નહિવત્ થયા છે. છાપરું વાર્તા લેખકની અન્ય વાર્તાઓની સરખામણીએ અલગ ભાત પાડે છે.

'સામૈયું' વાર્તામાં આરંભે જ જોઈ શકાય છે કે વાસ આખો ઉત્સાહમાં છે. વાસના નાકે જ્યાં ગંદકી રહેતી હતી ત્યાં તુરંત સફાઈ થઈ ગઈ છે. બધું સ્વચ્છ લાગે છે. ચંપાનો બાપ સામૈયાની તૈયારી માટે ગામમાં જાય છે. ચંપાને પોતાને નવાઈ લાગે છે કે આજે વાસમાં આ શેની તૈયારીઓ છે પણ ઉત્સાહ એટલો બધો છે કે કોઈ ચંપાને જવાબ દેવા તૈયાર નથી. ચંપા જીવાડોસાને પૂછે છે પણ જવાબરૂપે જીવાડોસા આનંદ વ્યક્ત કરતા ગીતની કડીઓ દોહરાવે છે.

ગામમાં પરધાન આવવાના છે ને વાસની છોકરીયું એમનું સામૈયું કરવાની છે. પછીથી પરધાન પોતાના વાસમાં પણ આવવાના છે. બધાં ખૂબ ખુશ છે. પરધાન આવે છે. યુવતીઓએ સામૈયાની પૂર્વતૈયારી કરી છે. પરધાનની હાજરીમાં જ ગામકૂવેથી પાણી ભરીને સામૈયું કરવાનું છે. એવામાં ખબર પડે છે કે પ્રધાન આવી ગયા છે ને આખો વાસ ગામકૂવે દોટ મૂકે છે. બધાં ભેગાં થાય છે ને ભાષણ સાંભળે છે. પ્રધાન પોતાનું ભાષણ પૂરું કરતાં કહે છે કે, ''કોઈ પણ જાતના ભેદભાવ વગર આ ગામના સૌ લોકો હળીમળીને રહે છે એ જાણી મને ખૂબ આનંદ થયો. આ ગામની દલિત બહેનોએ એમના હાથે જ ગામકૂવેથી પાણી ભરેલાં બેડાં સાથે મારું ભાવભીનું સ્વાગત કર્યું એ જોઈને હું ખૂબ ખુશ છું.''(પૃ.૬૧) વાસના લોકો આ બધું ચૂપચાપ સાંભળી લે છે. ચંપાનો બાપ આ સાંભળીને ઊભો થઈ જાય છે, બેડાં પકડીને બેઠેલી યુવતીઓ પણ ઊભી થઈ ગઈ પરંતુ બહોળી વસ્તી જોઈને નીચું જોઈ બેસી રહી.

આ એક આઘાત પછી તુરંત બીજી જાહેરાત થાય છે કે પ્રધાનસાહેબને અન્ય કાર્યક્રમમાં જવાનું હોવાથી હરિજનોના મહોલ્લામાં જઈ શકાય તેમ નથી. બધાને વિનંતી કરવામાં આવે છે કે ખોટું લગાડવું નહીં.

પ્રધાને જે સામૈયું ઝિલ્યું એ બીજું હતું ને ચંપાનો બાપ પ્રધાનને હકીકત કહેવા જાય છે ને એના હાથમાંથી પકડેલો ગાડીનો દરવાજો છૂટી જાય છે. આંચકા સાથે ગાડી દોડી જતી રહે છે.

વાસના લોકોએ કરેલ તૈયારીઓ પર પાણી ફરી જાય છે. એનો આક્રોશ આસોપાલવનાં તોરણ તોડીને અને સ્ત્રીઓ પિત્તળનાં બેડાંનો છૂટો ઘા કરીને ઠાલવે છે. વાર્તાના અંતમાં ચંપાના મનમાં ઘૂમરાતો સવાલ ''હેં......બાપા, હોમૈયું ચ્યારે થાશે?'' ભાવકમનમાં અથડાયા કરે છે. ભરત મહેતાએ સામૈયું વાર્તાસંદર્ભે યોગ્ય જ કહ્યું છે કે: ''ઉત્સાહની ભરતીઓટ સારી રીતે નિરૂપાઈ છે.''[૭૧]

અહીં જોવા મળતી પોકળતા, દંભ અને દલિતોનો આક્રોશ ઇત્યાદિ પાસાં ધ્યાનાકર્ષક છે. પોતે બધી જ તૈયારીઓ કરી હોવા છતાં કશું જ કરી શકતા નથી. પોતાનો કોઈ અવાજ નથી એ અહીં પૂરી ગંભીરતાથી વ્યક્ત થયું છે. સામૈયુંનો ઉત્સાહ અહીં આક્રોશમાં અંત પામે છે. દલિતોને નાની નાની ઘટનાઓમાં કેવી રીતે 'કોર્નર' કરવામાં આવે છે એ અહીં 'સામૈયું'ની ક્રિયા દ્વારા વ્યક્ત થયું છે.

'પ્રસ્થાન' વાર્તાનું શીર્ષક સૂચક છે. વાર્તાનાયક પ્રેમજી ગામડાગામમાં રહે છે. પોતાનો મિત્ર રમેશ દિવાળી કરવા ઘરે આવ્યો ત્યારે નાયકને શહેરમાં આવવાનું કહે છે પણ પોતે ગામ છોડીને જતો રહે તો શકરાને કેવું લાગશે એ વિચારે ગામમાં રહે છે. પોતાનો મિત્ર શકરો અને રામજી પટેલની દીકરી હેતી એકમેકને પ્રેમ કરતાં હતાં. હેતી તળાવમાં ડૂબીને મરી જાય છે અને શકરાને પણ કમોતે મારી નાંખવામાં આવે છે. શકરાને મળેલ વીસ મુદ્દાના અમલીકરણ હેઠળ મળેલી જમીન અને એ જમીનમાં હળ જોતરાય એ પહેલા જ લેખક એક વાક્યથી આખો ઘટનાક્રમ સૂચવી દે છે. ''આ રીતે દલિતોના લોહીથી રંગાયેલી એ ટુકડો જમીન એની આંખોમાં ચાસ પાડી ગઈ.....'' (પૃ.૬૫)

---

૭૧. પ્રત્યક્ષ, જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૦૩, પૃ.૧૩

પ્રેમજીને મન હેતી અને શકરાનો સંબંધ, એનું મૃત્યુ ઇત્યાદિ ઘટનાઓનું સ્મરણ થતાં જ એને લાગે છે કે અહીંના કાવાદાવામાં પોતે જીવી નહીં શકે અને શકરાની બળેલી લાશ છાતીમાં ડુમાવા લાગી. માત્ર અને માત્ર અસ્પૃશ્ય હોવાને લીધે અને જમીનના એક ટુકડાને લીધે મોતને ભેટેલા શકરાનું સ્મરણ થતા પ્રેમજી ખભે બગલથેલો નાખીને શહેરભણી પ્રસ્થાન કરે છે. આ પ્રસ્થાન સુધારાની ગતિ સૂચવે છે. એમાં એની નિ:સહાય દશા તો છે જ પણ સાથે લેખક કહે છે તેમ ''પાછળ રહી ગયું ઘણુંબધું.....તળાવમાં ઊભેલી હેતી....શકરો......આખેઆખો વાસ....અસ્પૃશ્યજીવન અને બાળપણ...''(પૃ.૬૬)

વાર્તાનો અંત લેખક બતાવે છે તેમ ઘણુંબધું પાછળ છોડીને જતા પ્રેમજીના જીવનની લાચાર સ્થિતિને દર્શાવે છે. સુધારો કે શહેર ભણી જવું એને મન બીજો વિકલ્પ છે. એ તો વાર્તારંભે રમેશે એને અમદાવાદ આવવાનું કહ્યું જ છે પરંતુ શકરાની સ્મૃતિ એને ગામ ન છોડવા મજબૂર કરે છે. પણ ગામલોકોની તુમાખી, કાળી મજૂરી અને આભડછેટ એને શહેરભણી ગતિ કરાવે છે.

લેખક ખૂબ સ્વસ્થ રહીને ઘટનાનું આલેખન કરી શક્યા છે. હેતી અને શકરાના મૃત્યુની ઘટનાને પણ નાનકડા વાક્યખંડોમાં સમાવીને તુરંત ઘટનાને સમેટી લીધી છે. પોતાને વાર્તામાં જે દર્શાવવું છે એ ઘટના વાર્તાનું મુખ્ય વસ્તુ બહુ સાહજિક બની ઊભરી આવે છે. વધુ મુખર બન્યા વિના ઘટનાનું સૂક્ષ્મ દૃષ્ટિએ આલેખન કરવું એ ધરમાભાઈની સર્જકતાનો વિશેષ બની રહે છે. દલપત ચૌહાણની 'ભેલાણ' વાર્તામાં પણ સરકારી ખરાબાનો પ્રશ્ન દેખાતી સમસ્યારૂપે વર્ણવાયો છે એ નોંધવું રહ્યું.

આ સંગ્રહની ૧૩મી વાર્તા 'તરસ' શીર્ષકથી મળે છે. નાયક બસ સ્ટેન્ડે બસની રાહ જોતા બેઠા છે. પોતાનાં બાળબચ્ચાં સાથે છે. બીજા લોકો પણ બસની રાહ જોઈ રહેલા જણાય છે. નાયકની નજર પાણીવિહોણી પરબ પર પડે છે ને એને

ગંગાડોશીની પરબ યાદ આવે છે. પોતે ખોબો માંડીને ગંગાડોશીની પરબે કેવી રીતે પાણી પીતા હતા એ યાદ આવે છે. અહીં તડકામાં બાળકો પાણી વગર તરસ્યાં બેઠાં છે. પોતે વિચારે છે કે જલદી બસ આવે તો સારું. આવું વિચારતા વિચારતા પોતે રોડ તરફ નજર માંડે છે ને ગામની હાઈસ્કૂલનો બેલ વાગે છે. પોતે પત્નીની સૂચના મુજબ વોટરબેગ લઈને સ્કૂલમાં પાણી ભરવા જાય છે ને સ્કૂલના દરવાજા સુધી જતાં જતાં પોતે શાળાજીવનનાં સ્મરણોમાં સરી પડે છે. પોતે નાના હતા ત્યારે પાણી પીવા ચમનની પરબે જતા ને બધા ખોબો ધરીને વલવલે ને નાયકનો નંબર આવે ત્યારે વિરામ પૂરો થતા બેલ વાગે ને બધાં વર્ગમાં જવા માંડે ત્યારે પોતે તરસ લાગવાને લીધે ડોયો ખુદ માટલામાં બોળે છે એ જ વખતે એને કોઈ ઝાપટ મારીને માટલું અભડાયું એમ કહી હેડમાસ્તર પાસે ટીંગાટોળી કરી લઈ જાય છે. હેડમાસ્તરનો ચીમટો ને આ આખી ઘટનાને એ યાદ કરે છે. એને લાગે છે હવે બધું બદલાઈ ગયું છે. હવે તો અહીં બધા વિદ્યાર્થીઓ એકસાથે પાણી પીવે છે. મનમાં જરા આવું વિચારતા શીતળતા છવાઈ જાય છે ત્યાં જ બસ સ્ટેન્ડ તરફ અવાજ થતાં નાયકનું ધ્યાન એ તરફ જાય છે. પોતાનું બાળક ભૂલથી બસ સ્ટેન્ડ પાસે આવેલા એ જ ચમનાજીના ગલ્લા પાસેના માટલાને પાણી પીવાના બહાને અડી જાય છે ને ચમનાજી વિફરે છે. આ એ જ ચમનાજી હતો જેણે નાયકના હાથમાંથી ડોયો ફંગોળી દીધો હતો. નાયકને બદલો લેવાની તીવ્ર ઇચ્છા થાય છે પણ બસ આવી જતા તરસનું પડ ફરી પાછું જાણે ગળામાં બાઝી ગયું હોય તેમ અનુભવે છે.

આખી વાર્તામાં ઘટના માત્ર પાણી પીવાની છે પરંતુ ખોબો ધરીને પાણી પીવું, માટલાને અડી જવું કે ડોયો માટલામાં બોળીને પાણી પીવું આ બધી ઘટનાઓમાં દલિતો પ્રત્યે દર્શાવાતી અસ્પૃશ્યતા મુખ્ય મુદ્દો બને છે. માત્ર પોતે દલિત હોવાથી સવર્ણોના માટલામાંથી જાતે પાણી પણ ન પી શકે ને કોઈ અણસમજુ બાળક પણ ભૂલથી, તરસથી માટલાને અડકી જાય તો એણે ગુનો કર્યો

હોય એમ બધા ફરી વળે એ ઘટનામાં એનાં મૂળ કેટલાં ઊંડાં ખૂંપેલાં છે એ દેખાઈ આવે છે. લેખકે ખૂબ સંયમથી ઘટનાને વર્ણવી છે. શબ્દો પાસેથી ધાર્યું કામ લીધું છે જેમકે, ''વાહનની ઘરૂરૂરાટી થતાં બાવળના છાંયડે બેઠેલુ ટોળું હલ્યું''(પૃ.૬૮) આવાં સુંદર શબ્દચિત્રો ખડાં કરવા એ સર્જકની કલમનો વિશેષ બની રહે છે. વાક્યોમાં દેખાતી અર્થને વ્યક્ત કરવાની અપાર શક્યતાઓ અહીં ધ્યાન ખેંચે છે જેમકે ''ચમનાજી, માફ કરો અવઅ્......બચ્યું સઅ....નઅ એ બાપડાં ચ્યાં ગોમ્‌મઅ રીસી તે ઈયાંનઅ્ ખબેર હોય......''(પૃ.૬૯) જો એ આપણાં ગામમાં રહેતું હોય તો એને ખબર હોવી ઘટે પણ અન્ય ગામનું છે એને જવા દેવામાં આવે એવા સૂરમાં વ્યક્ત થતા આ વાક્યમાં પણ નરી જોહુકમી દેખાય છે.

'ગાંઠ' વાર્તામાં વાર્તાનાયક નાથાલાલ બોમ્બે હેર ડ્રેસરમાં બાલ દાઢી કરાવવા જાય છે. વાળ કાપનાર ગોવિંદે સફેદ કપડાની ગડી ઉકેલીને નાથાલાલની ફરતે વીંટાળીને ગાંઠ વાળીને વાળ કપાવતાં કપાવતાં નાથાલાલ ભૂતકાળમાં સરી પડે છે. પોતે નાના ગામમાં રહેતા હતા ત્યાંથી વાળ કપાવવા શહેરમાં બાપા લઈ આવતા ત્યાં બધા દલિતો જ આવતા પણ પછી બધા હેરકટિંગ સલૂનવાળા વાળ કાપવા માંડ્યા ને લાલજીમારાજ નવરાધૂપ થઈ ગયા. નાથાલાલને ગળા ફરતે કાપડની ગાંઠ ખૂંચતી હોય તેમ લાગે છે એને સવારની ઘટના યાદ આવે છે કે દલિતવાસને અડીને રસ્તા પર શિવા વાળંદે હેરકટિંગ સલૂન નાખેલું. ત્યાં બાલદાઢી દલિત સિવાયના લોકોના થતા. નાથાએ વિરોધ નોંધાવ્યો તો જવાબમાં પોતાને કંઈ વાંધો નથી પણ ગામનો વિરોધ છે. નાથાલાલ કહે છે કે, ''તો પછી તમો આ કેબિન અહીંથી ખસેડીને તમારા મહોલ્લાના નાકે ઊભું કરો અમને કશો વાંધો નથી પણ અહીં જાહેરમાં અમારા રસ્તા પર કેબિન મૂકો ને અમારા બાલદાઢિ....''(પૃ.૭૪)

અહીં વિરોધનો સૂર છે પણ સામે પક્ષે નાથાલાલને જ સમજાવવામાં આવે છે. નાથાલાલ પોતે નાનકડા શહેરમાં ખાનગી શાળામાં નોકરી કરે છે ને પોતાને શહેરમાં રહેવું પોસાતું નથી ને ગામમાં જપવારો નથી. નાથો પોતે સમાધાનકારી વલણ અપનાવે છે. એને ગળા પર બાંધેલી કપડાની ગાંઠ ફરી ખૂંચતી લાગે છે. ગોવિંદ એને તબિયત બરાબર નથી કે શું ? તેમ પૂછે છે ત્યારે પોતે નકારથી ઉત્તર વાળે છે. એને આજ સવારે જ શિવા વાળંદની કેબિન પાસેથી નીકળતાં પીઠ પાછળ હસતું ટોળું યાદ આવે છે. ''ના ભાળ્યો હોય તો મોટો.......કેબિન હટાવવાવાળો''(પૃ.૭૫) એવાં વાક્યો કાને અથડાય છે. નાથાલાલ પોતે બસ આવતા બેસી જાય છે ને પાછળ ટોળું ખિખિયાટા કરે છે. નાથાલાલને કેબિન હટાવવાની ઇચ્છા થાય છે. અરજી પણ લખી રાખી છે પરંતુ અગાઉ મધ્યાહ્ન યોજનામાં સ્કૂલમાં વાસનાં બાળકોને અલગ બેસાડવામાં આવતાં ત્યારે તપાસ વખતે આખે આખો વાસ નાથાલાલની તરફેણમાં બોલવાના બદલે વિરુદ્ધ થઈ ગયો હતો. આ બધી ઘટના મગજમાં રમવા લાગી. એનું મગજ રમરમી રહ્યું. ગોવિંદે સહેજ ઢીલી પડેલી ગાંઠ બે હાથે ખેંચીને વાળવા માંડી. આ ગાંઠથી પોતે તોબા તોબા છે પણ હકીકતમાં લોકોના મગજમાં બાજેલા માન્યતાના પૂર્વગ્રહની ગાંઠને દૂર કરવાની જરૂર છે. લોકમાનસમાં વર્ષોથી ઘર કરી ગયેલી ગાંઠને અહીં સૂક્ષ્મ રીતે વર્ણવી છે. ગાંઠના વારંવારના બંધનથી એ પણ સૂચવાય છે કે એને ગમે તેટલી દૂર કરવાનો પ્રયત્ન કરો તો પણ એ અજગરભરડો લેતી જાય છે. પોતે વિરોધ કરવા જાય તો પોતે જ એકલા પડી જાય અને પૂંઠ પાછળ થતી નફરત નાથાલાલને અકળાવે છે. કપડાની ગાંઠથી પોતાને છૂટકારો મળે તો હાશકારો અનુભવે પરંતુ વાસના લોકોમાં ઘર કરી ગયેલી ગાંઠ, બાજી ગયોલા અસ્પૃશ્યતાના જાળાને દૂર કરવા ખૂબ મુશ્કેલીભર્યું કામ છે.

'ગાંઠ'માં ખૂબ હળવી શૈલીમાં લેખક નાથાલાલના મનોભાવોને વર્ણવી શક્યા છે. અસ્પૃશ્યતા કેવી રીતે, કેટલી ઊંડી રીતે સ્થાયી થઈ ગઈ છે એ 'ગાંઠ' વાર્તામાં યોગ્ય રીતે રજૂ થયું છે.

આ સંગ્રહની બધી જ વાર્તાઓમાં અસ્પૃશ્યતાનું નિરૂપણ થયેલું જોવા મળે છે. ગામ હોય કે શહેર દરેક જગ્યાએ જોવા મળતી અસ્પૃશ્યતા અને તત્સંબંધી બનાવોને વાર્તારૂપ આપવામાં લેખક સફળ રહ્યા છે. આ વાર્તાસંગ્રહની વાર્તાઓ વિશે વાત કરતા ડૉ. નરેશ શુક્લએ કહ્યું છે કે, ''એમાં નિરૂપાયેલા પ્રશ્નો, પરિવેશ, બોલી અને લેખકનો દૃષ્ટિકોણ સ્વાભાવિક જ ધ્યેયલક્ષી છે. વિશેષ રીતે કહી શકાય કે ધ્યેય સિદ્ધ કરવા ઉપરાંત વાર્તા પણ સિદ્ધ કરે છે.''[૭૨] સમાજ પ્રત્યેની આ લેખકની પ્રતિબદ્ધતા, ફ્લેશબેક ટેકનિકનો વિનિયોગ અને વાર્તાની માવજત આ બધાં પાસાંઓને લેખક બરોબર ન્યાય આપી શક્યા છે. નાની નાની વસ્તુઓ તરફ વાર્તાકારે બરોબર ધ્યાન આપ્યું છે ને એને કલાત્મક ઢબે રજૂ કરવામાં સર્જકે વાર્તાના દરેક પાસાં તરફ ધ્યાન આપ્યું છે. 'નરક' વાર્તાસંગ્રહની વાર્તાઓ વિશે સતીશ ડણાકે કહ્યું છે તેમ એમાં કૃત્રિમતા ક્યાંય વરતાતી નથી. ઝનૂનપૂર્વકનો કળાનો અવરોધક એવો પ્રચાર નથી. સંગ્રહની મોટાભાગની વાર્તાઓ અસ્પૃશ્યતાના આપણા સામાજિક કલંકને કળાત્મક રીતે રજૂ કરવાનું સામર્થ્ય દાખવે છે.[૭૩]

'રવેશ' ધરમાભાઈ શ્રીમાળીનો ત્રીજો વાર્તાસંગ્રહ છે.[૭૪] આ સંગ્રહમાં કુલ ૨૦ વાર્તાઓ છે જેમાં બધી જ વાર્તાઓ અદલિત છે. લેખક વાર્તાસંગ્રહના નિવેદનમાં સ્પષ્ટતા કરતા કહે છે કે, ''આ મારો ત્રીજો વાર્તાસંગ્રહ છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'સાંકળ' પછી સામાજિક પ્રતિબદ્ધતાના ખ્યાલે 'નરક' વાર્તાસંગ્રહ

---

૭૨. શબ્દસૃષ્ટિ, મે ૨૦૦૫, પૃ.૫૮

૭૩. બુદ્ધિપ્રકાશ, જૂન ૨૦૦૫, પૃ.૩૨

૭૪. શ્રીમાળી ધરમાભાઈ, રવેશ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ ૧, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦

પ્રગટ થયો. સાથે સાથે લલિતવાર્તાઓ પણ લખાતી ગઈ જે અહીં 'રવેશ' વાર્તાસંગ્રહ રજૂ કરતા આનંદ અનુભવું છું. (પૃ.૪)''

સંગ્રહની વાસ, ડાકણ જેવી વાર્તાઓમાં દલિત સંદર્ભ જણાય છે અલબત્ત વાર્તાઓને દલિત વાર્તાઓ તરીકે જોવા જઈએ ત્યારે એમાં દલિત સંદર્ભ નહિવત્ જણાય છે. આ સંગ્રહની વાર્તાઓ સાહિત્યિક ગુણવત્તા જાળવવામાં સફળ નીવડી છે પરંતુ સર્જક નિવેદનમાં કહે છે તેમ એ લલિત વાર્તાઓ છે.

'વાસ'માં સમય જતા નાયક માટે પોતાનો વાસ છોડવો, વાસનું ભાંગવું તેમજ વાસ સાથેનું પોતાનું બંધન, તાદાત્મ્ય અને વાસની જગ્યાએ સોસાયટીનું બનવું પરિણામે વાસથી વિખૂટા પડવાની વાત નાયકને બેચેન બનાવે છે. 'વાસ'નું વિષયવસ્તુ દલિત સંદર્ભોને નિર્દેશે છે. દા.ત. વણકરો અને ચમારોના વાસની બાજુમાં આવેલા અમારા આ ખંડેરવાસની જમીન એમને ત્રણેય વાસના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિ કરવા માટે મોકાની લાગી છે. (પૃ.૫૫) એ જ રીતે ''મને અહીં દેખાય છે વણકરવાસ વચ્ચે નોંધારી પડેલી........દૂર પેલા ચમારવાસના છેવાડા ઘરના કરે ઊભું છે મોટું કડાયું''(પૃ.૫૬) વગેરે વાક્યોમાં વણકરવાસ ચમારવાસ ખાલી થવાના સંકેતો છે પરંતુ એમાં વાર્તામાં મુખ્યત્વે જોવા મળે છે પરિસ્થિતિનો બદલાવ અને સ્થળ સાથેનો નાયકનો વિચ્છેદ, એનો લગાવ અને વાસ સાથેની સ્મૃતિઓ. દલિત વિચારધારા સાથે એને બહુ સંબંધ નથી.

'ડાકણ' વાર્તામાં પણ દલિત સંદર્ભનો સ્પર્શ જોવા મળતો નથી. વાર્તામાં વિધવા રૂમલી એકલી પોતાના ઝૂંપડામાં જીવતર વેંઢારે છે. એનો ધણી વજેસંગના ખેતરે કામ કરતો હતો ત્યારે ઝેરી જંતુ કરડવાથી મૃત્યુ પામ્યો છે. ધણીના મૃત્યુ પછી વજેસંગ રૂમલી પર નજર બગાડે છે પણ રૂમલી મચક ન આપતા એને ડાકણ ઠેરવવા સુધીની પેરવી કરતો વજેસંગ ખંધી માનસિકતા ધરાવે છે. એ પોતે ક્યાંય છતો થતો નથી પણ બાવા દ્વારા તરકટ કરીને રૂમલી પર ડાકણ હોવાનું આળ

નાખી દૂબળાનાં ઝૂપડાં પર હુમલો કરાવી તાંડવ રચે છે. વાર્તાકારે અંતમાં બહુ સંયમથી રૂમલીના મૃત્યુનું બયાન કર્યું છે. દા.ત. ઉપરા છાપરી કોઈ સ્ત્રીની દર્દસભર મરણચીસ અમાસના આભલે અથડાતી લાગી. આભલું તારલા એકસાથે જ ખરવા લાગ્યાં જાણે ! (પૃ.૧૪૯). વાર્તામાં સ્ત્રીશોષણની વાત, સવર્ણ પુરુષ વજેસંગની મેલી નજર વગેરેમાં દલિત અધ્યાસો જોવા મળે પણ રૂમલીની જાતિ દર્શાવીને સર્જકે જાતિવિશેષ સ્પષ્ટ કરી દીધો છે. દા.ત. રૂમલી ગામ પછવાડેના દૂબળા નાયકાની વિધવા સ્ત્રી (પૃ.૧૪૩) વગેરે.

આ સંગ્રહની વાર્તાઓ સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ નોંધપાત્ર છે પરંતુ સંગ્રહમાં દલિત વાર્તાઓની સંખ્યા નહિવત્ જણાય છે.

ધરમાભાઈ શ્રીમાળીનો ‘ઝાંખરું’[૭૫] વાર્તાસંગ્રહ ૨૦૧૨માં પ્રકાશિત થયેલો છે. આ સંગ્રહમાં ૧૨ વાર્તાઓ છે. સંગ્રહની બધી જ વાર્તાઓ દલિત છે.

સંગ્રહની પ્રથમ વાર્તા ‘આડવાત’ શીર્ષકથી પ્રાપ્ત થાય છે. વાર્તાનાયક આડબંધ વિશે સરકારી યોજના સમજાવવા સ્ટાફ સાથે નીકળે છે. પણ આડબંધ વિશે વાત કરતા ગામલોકો પાછા હટી જતા હતા. ગામલોકોને મહિનો થવા છતાંય મજૂરી મળેલ નથી. ગામમાં જતા સરપંચ આવકારે છે. સ્ટાફના માણસો આ આગતા-સ્વાગતાથી ખુશ છે. બધું બરાબર ચાલે છે પણ આગળ એક ગામમાં અછત કામગીરીનું ચૂકવણું કરવા માટે જવાનું થાય છે ત્યાં બધા પાછા પડી જાય છે. વાર્તાનાયક સાથે મહોલ્લામાં પ્રવેશ થાય છે. અહીં વાર્તાનાયકને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. વાર્તાનાયકના મનમાં વિચારો આવે છે. એનું મન બદલાય છે. પોતે આડબંધની વાત સમજાવતાં સમજાવતાં બીજી વાતોમાં પરોવાઈ જાય છે. આ સવાલો પૂછવામાં લેખકે આડવાતને નિમિત્ત બનાવી સૂક્ષ્મરૂપે દલિત સમસ્યાને નિરૂપી છે. ગામલોકોને પણ સાહેબ પોતાના લાગે છે. સાથે આવેલ

---

૭૫. શ્રીમાળી ધરમાભાઈ, ઝાંખરું, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨

સ્ટાફમાંથી વ્યાસજીને આ નથી ગમતું. બહારથી ઠંડું મંગાવવાની જગ્યાએ વાર્તાનાયક મહોલ્લાનું જ પાણી પીવે છે પણ વ્યાસજી પાણી પીતા નથી. આવી ઘણી ઘટનાઓમાં વાર્તાકારે સીધેસીધી નહીં પણ આડકતરી રીતે દલિતોના પ્રશ્નોને વાચા આપી છે. સમરસ ગ્રામયોજનાની વાતમાં રસ દાખવતા વાર્તાનાયકની સુધારાવાદી વિચારસરણી જોઈ શકાય છે. સમરસ ગ્રામયોજનાનું નામ સાંભળીને વાર્તાનાયકની આંખો ઠરે છે. વાર્તાનાયક દ્વારા ગામલોકોને પૂછાતા પ્રશ્નોમાં વ્યક્ત થતો નિજીપણાનો ભાવ તેમજ ઠંડું પાણી પીવાને બદલે લોટાનું પાણી પી લેવું વગેરેમાં પ્રગટ થતી આત્મીયતા દ્વારા લેખક યોગ્ય રીતે દલિત સંદર્ભ ઉપસાવે છે. કરસનભાઈ સાથે ગામના, મહોલ્લાના, બાળકોના અભ્યાસના, ગરીબીરેખા નીચે જીવતી વસતિના એમ અનેક પ્રશ્નોની ચર્ચા થાય છે. નાયકને અહીં વાસના જીવણનું સ્મરણ થાય છે. જીવણ સાથે બનેલી ઘટના યાદ આવે છે. વાર્તાનાયક જીપમાં બેસે છે ત્યારે એની નજર પ્રવેશદ્વાર પર જાય છે જ્યાં ચિતરેલું નામ અને ફોટો એને સ્પર્શી જાય છે. સ્ટાફના માણસો અહીં ચૂપચાપ બેઠેલા દેખાય છે. આગળના ત્રણેક ગામમાં ચા-પાણી-જમવાનું ને વાતવાતમાં એના વખાણ કરી કરીને થાકતો આ સ્ટાફ અહીંથી પાછો વળ્યા પછી ચૂપચાપ બેસી રહે છે. વાર્તાકારે ભાષાનો કરકસરયુક્ત પ્રયોગ કરીને અહીં દલિત પરિવેશનું નિરૂપણ કર્યું છે. દલિત સમસ્યા વાર્તામાં ક્યાંય મુખર બનતી નથી પરંતુ વાતવાતમાં 'આભડછેટ'નો પ્રશ્ન મૂકીને લેખકે ઘટનાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ આલેખન કર્યું છે. વિનોદ ગાંધીએ આ વાર્તાસંદર્ભે કહ્યું છે કે, ''સરકારી નોકરીમાંયે કેવા નરવા અનુભવો થાય છે એ અહીં સૂચક રીતે, કળાત્મક રીતે કહેવાયું છે.''[૭૬]

'કદડો' વાર્તામાં નાયક કણદો મ્યુનિસિપાલિટીમાં ફરજ બજાવે છે. પત્ની શારદી દવાખાને છે. નાયકને નોકરીમાંથી રજા લેવી છે પણ સુપરવાઈઝર પગાર

૭૬. પ્રત્યક્ષ, વર્ષ ૨૧, અંક ૪, ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૨, પૃ.૭

નહીં મળે એમ કહી નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપે છે. વાર્તાની શરૂઆતમાં જ ખ્યાલ આવે છે કે કણદો ગટર સાફ કરવાનું કામ કરે છે. પત્ની દવાખાને કણદાની રાહ જોવે છે ને એક બાજુ એકતાનગર ચાર રસ્તાની સાઇટ ગટરથી ઊભરાતી જાણે કે કણદાની રાહ જોઈને ઊભી છે. પોતે ઓછું ભણેલો છે. ભણ્યો હોત તો સારું થાત એવું પોતાને લાગે છે પણ ભણવામાં દલિત વિદ્યાર્થીને માસ્તરે ભરેલો ચીમટો ને એની બીકથી પોતે ભણવાનું છોડી દે છે. બકારી આવે એવી ઊભરાતી ગટરની દુર્ગંધ કણદાને અકળાવે છે પણ આ કામ કર્યે જ છૂટકો છે. ગટરમાં જામી ગયેલો કદડો સાફ કરતાં કરતાં એના શરીરે ધોળાં ચાઠાં પડી ગયા છે. અહીં શોષણની પરાકાષ્ઠા જોઈ શકાય છે.

વાર્તાના એક ખંડમાં આલેખાયું છે તેમ એને ગામડે જવાનું મન થઈ આવે છે પણ ત્યાં આનાથી બદતર હાલતમાં જીવવું પડે તેમ છે. પોતે નાનો હતો ત્યારે બાપાની આંગળી પકડીને ગામમાં ગયો હતો અને ભૂલથી બાપાની આંગળી છોડાવીને થડા ઉપર ગયોતો ત્યારે કેવો હડધૂત કરવામાં આવ્યો હતો એનું સ્મરણ થઈ આવે છે. એ બનાવથી જ પોતે શહેરમાં આવી ગયો હતો. શહેરમાં એક વાતે શાંતિ હતી પણ અહીં નોકરી વખતે સાહેબોને સલામ ભરવી પડતી હતી.

અસહ્ય ગરમીમાં કણદો ગટરમાં ઊતરે છે. અસહ્ય વાસ મારતી ગટરમાં એનો શ્વાસ રૂંધાવા માંડે છે. એને ઘર યાદ આવે છે, દવાખાને પડેલ પત્ની શારદીની યાદ આવે છે પણ નોકરીમાંથી રજા મળે તેમ નથી. કામ થઈ જાય ને ઝડપથી રજા મળે એવી આશાએ કણદો ગટરમાં ઉતરે છે. સવારમાં રકાબી ચા સિવાય કશું ખાધુંપીધું નથી. એ પરસેવે લથબથ થઈ જાય છે. વાસથી મગજ બહેર મારી જાય છે ને બકારી મારતી ગંધથી એના શ્વાસ ટૂંપાવા માંડે છે. જીવ તળે ઉપર થાય છે. પોતે આવી સ્થિતિમાં પાવડીના ઘા મારી મારીને કદડો સાફ કરે છે. ગળામાં એક સામટો ડચૂરો જાણે કદડો બનીને ગંઠાઈ જાય છે. બોલવાની તાકાત

રહી નથી ને ગટરમાંથી વછૂટેલી ઝેરી ગેસની વાસ એને ગૂંગળાવી રહી છે. એમાંથી પોતે બચવા પ્રયત્ન કરે છે પણ બચી શકે તેમ નથી. બે હાથે ગટરના ઉપલા ભાગને પકડવા પોતે સહેજ ઊંચો કૂદે છે ને અટકી ગયેલો શ્વાસ ગટરમા ગંઠાયેલ કદડાની જેમ ડોળા ફાડંતોક ને રૂંધાયેલા ગળામાં 'શારદીની મા......' કરતો બોકાહો દઈ દે છે. વાર્તાનો અંત અત્યંત કરુણ છે જે કદડાની ગરીબીને ધારદાર રીતે રજૂ કરે છે.

આખી વાર્તામાં કણદો અને કદડો એકમેકમાં ભેળસેળ થતાં દેખાય છે. કણદાના જીવની કરુણ વાસ્તવિકતા માત્ર એની એકની ન બની રહેતા ભાવકપક્ષે પણ સ્પર્શક્ષમ બની રહે છે. વાર્તામાં ભાષા-બોલીપ્રયોગ નહિવત્ છે પરંતુ ઘટના પોતે જ એટલી સંવેદનશીલ છે કે વાચકને સ્પર્શ્યા વગર ન રહે. વર્ગવિભેદ અહીં ધ્યાન ખેંચે છે. આભડછેટની વાત પણ અહીં કણદાનાં સંસ્મરણો દ્વારા જોઈ શકાય છે. વાર્તા દ્વારા કણદાના જીવનની ઘેરી પરિસ્થિતિ, કારુણ્યને તાદૃશ કરવામાં લેખક કામિયાબ રહ્યા છે. મ્યુનિસિપાલિટીમાં નોકરી કરતા કણદાના જીવનની શોષણની પરાકાષ્ઠારૂપ સ્થિતિ અને અંતમાં પોતે કેવી વેદનામાંથી પસાર થઈને છેલ્લા શ્વાસ લે છે એની વ્યથાને વાર્તાકારે આબેહૂબ રીતે નિરૂપી છે.

'પ્રવેશદ્વાર' વાર્તાનો આરંભ સારા ચોમાસાની વાતથી થાય છે. ગામડેથી વાર્તાનાયકની માનો ફોન આવે છે ને સારા વરસાદના વાવડ આપે છે. ફોન પરની માની વાત પૂરી થાય છે ત્યાં પત્ની ફરિયાદ કરે છે કે હર સાલ ધાબું તપે છે ને તમે કશું કરતા નથી. એક બાજુ પોતે ક્વાર્ટરમાં રહે છે તે પત્નીની ફરિયાદ ''કશું કરતા નથી'' માં ઘરનું ઘર ન હોવાની ફરિયાદનો સૂર સંભળાય છે. ગામડે ઘરનું સમારકામ કરાવવાનું છે ને શહેરમાં ક્વાર્ટરમાં રહેતા વાર્તાનાયકને પત્ની તરફથી શહેરમાં મકાન લેવાની વાતે વાર્તાનાયક મકાન લે-વેચની જાહેરાતો વાંચે છે. પત્ની દ્વારા કહેવામાં આવે છે કે, ''આપણી સાથેના બધા પાડોશીને ઘરનું ઘર થઈ ગયું. રહેવાય ગયા....એક આપણે જ આ પોપડાં ઉખડેલાં સરકારી ક્વાર્ટરમાં પડ્યાં

છીએ.''(પૃ.૧૫) નાયક મોકળાશવાળી જગ્યામાં ટાઉનશીપમાં મકાન જોવા જાય છે વસુધૈવમ્ ટાઉનશીપમાં પોતે મકાન જુએ છે. બધું બરાબર લાગે છે. ઓફિસનો માણસ સરસ રીતે નાયકને આવકારે છે. બહુ વ્યવસ્થિત વાત કરે છે. અહીં બધા સરકારી સાહેબો જ છે મોટેભાગે એમ કહીને મકાનનો પ્લાન બતાવે છે. નાયકને તૈયાર મકાન બતાવે છે. મકાન જોઈને પોતે ખુશખુશાલ થઈ જાય છે અને ભવિષ્યની રમ્ય કલ્પનાઓમાં ખોવાઈ જાય છે. પોતાના અતીતને પણ નાયક યાદ કરે છે. મકાન બાબતે બધું નક્કી થયા પછી બીજા દિવસે બધાં ડોક્યુમેન્ટ્સ લઈને બતાવવા આવવાનું નક્કી થાય છે. નાયક સાથે વાત કરતો ઓફિસનો માણસ વ્યવસ્થિત લાગે છે. ઓફિસના માણસને પણ નાયક પ્રત્યે અહોભાવ છે. એ કહે છે : ''અહીં બધા તમારા જેવા સારા માણસો નથી આવતા સર.''(પૃ.૨૦) પોતે ઘરે જવા નીકળે છે ત્યારે ઓફિસનો માણસ બજારમાં જતો હોય છે તે વાર્તાનાયક સાથે વાત કરે છે કે, ''તમે બીજી કોઈ ચિંતા ના કરતા સર....આપણે અહીં બી.સી. લોકોને મકાન નથી આપતા.''(પૃ.૨૨) પોતે ત્યાંથી નીકળી જાય છે પણ વાર્તાના અંતમાં સર્જકે બતાવ્યું છે તેમ ''ઉઘાડ કાઢેલો વરસાદ ફરી પાછો મોટા ફોરે તડતડ થતોક મને એકધારો વાગતો રહ્યો.''(પૃ.૨૨) વાર્તાનો અંત પ્રતીકાત્મક છે.

વાર્તામાં આવતા સંદર્ભો જેમકે ગામડાના વાસનું ઘર, ઓફિસના રોસ્ટર બેકલોગની ચર્ચાઓ, સારી નાતના લોકોનું બુકિંગ, ગામડાના પોતાના ઘરમાં મરેલા ઢોરનાં શીંગડાંનું ખીંટી સ્વરૂપે સંસ્મરણ વગેરે બાબતોથી જ્ઞાત થાય છે કે વાર્તાનાયક દલિત છે. વાર્તાની શરૂઆતમાં વરસાદની વાત થાય છે એમાં સામાન્ય વાતચીત છે. ખૂબ વરસાદની વાત છે, માનો ફોન છે ગામડેથી, પણ ત્યાં નાયકની કોઈ મૂંઝવણ દેખાતી નથી પરંતુ વાર્તાના અંતમાં વરસાદ એકધારો વાગતો રહ્યો-વાક્યમાં વાર્તાનાયકની સ્થિતિ, એની મૂંઝવણ વ્યક્ત થાય છે. ઓફિસના માણસના શબ્દોથી એના પગ પ્રવેશદ્વારની વચ્ચોવચ્ચ જાણે ખોડાઈ ગયા હોવાનું પ્રતીત થાય

છે. ઉપર ઉપરથી જે અહોભાવ મકાન લેવા માટે દેખાડાય છે તે બીજી બાજુ અંદરથી નાતજાતની વાતે કેવો છીછરો છે એ વાર્તાના અંતમાં યોગ્ય રીતે વ્યક્ત થયું છે. આખી વાર્તામાં લેખકે ભાષા પાસેથી ખપપૂરતું કામ લઈને સીમિતમાત્રામાં દલિત સંદર્ભો નોંધ્યા છે. માત્ર અંતમાં સંવાદો દ્વારા પ્રગટ થતી વાતમાં સામાજિક દૃષ્ટિકોણને નિરૂપી આપ્યો છે. ક્યાંય વિદ્રોહ નથી પણ વ્યક્તિનો વ્યક્તિ પ્રત્યેનો ભાવ માત્ર નાત-જાતને જ આભારી છે એવો પ્રશ્ન અહીં વાર્તાના અંતમાં ઝિલાયો છે. લોકમાનસનો દૃષ્ટિકોણ લેખકે સંવાદો દ્વારા વ્યક્ત કર્યો છે.

વાર્તાસંગ્રહને જે શીર્ષક આપવામાં આવ્યું છે એ જ શીર્ષકથી પ્રાપ્ત થતી 'ઝાંખરું' અલગ પરિસ્થિતિને તાદૃશ કરે છે. વાર્તાની શરૂઆતમાં વાર્તાનાયકની સ્થિતિ અને બેકારીને ટૂંકમાં વર્ણવી છે. ત્યારબાદ મિલમાંથી છૂટા થઈને બીમાર પડેલા બાપની સ્થિતિ, મિલની નોકરી વખતની જાહોજલાલી ને હવે માંડ માંડ નાયકને નોકરીનો ઓર્ડર મળે છે. જે બે-ચાર મહિના ટૂંકા થયા એ ખરા.....વાક્ય પરથી ખ્યાલ આવે છે કે ઓર્ડર રોજમદાર તરીકેની નોકરીનો છે. ગામડાગામમાં કારકુન તરીકેની નોકરી કરવા જાય છે ત્યાં જતાવેંત જાત પૂછીને સ્વાગત થાય છે. ખુરશીને બદલે કોથળા પર બેસાડાય છે. નાયકને અહીંથી ભાગવાનું મન થાય છે પણ પોતાની પરિસ્થિતિના વિચારે નોકરી છોડી શકે તેમ નથી. એ ગામમાંથી બહાર નીકળે છે ત્યારે ગામમાંથી દલિતવાસના માણસો એને મળવા આવે છે અને પાણી પાય છે. પોતે વાસમાંથી આવે છે અને કારકુનને પોતાનામાંના સમજીને રાહત અનુભવે છે પણ ગામની બીકે ધીમે રહીને ગામના લોકો પોતાના વાસની પરિસ્થિતિનું બયાન કરી દે છે. ગામમાં કામે આવવામાં પોતાના વાસના લોકોના પુરુષોનાં નામ લખાય છે પણ ખરેખર કામે આવવાની ના પડાય છે. ઉપરજાતા સ્ત્રીઓ અને બાળકીઓ પાસેથી કામ કરાવી લે ને ઠઠ્ઠામશ્કરીનો ભોગ પણ બને. વાર્તાનાયક વાસના લોકોને 'કાલે ઓફિસે આવજો' કહીને નીકળે છે. બીજા દિવસે

'પેલા લોકો માટે કંઈક કરીશું' એવો વિચાર કરતો નાયક પોતે જ નવી પરિસ્થિતિનો ભોગ બને છે. એ જ ગામના માણસોનું ટોળું ઓફિસના દરવાજે આવે છે ને અધિકારીને રજૂઆત કરીને વાર્તાનાયકની જગ્યાએ બીજી દરબાર જ્ઞાતિના કારકુનની ગોઠવણ કરાવી જાય છે. પોતે રજૂઆત કરવા જાય છે એ બાજુ પર રહી જાય છે ને એની જગ્યાએ દરબારને એ ગામની સાઇટ પર મોકલી દેવાય છે. વાર્તાનાયક ચૌહાણને બાજુના ગામની એવી સાઈટ પર મૂકવામાં આવે છે. જ્યાં દલિત સરપંચ છે. હરિજનોની વસ્તી છે. વાર્તાનાયક અગાઉ જે ગામે ગયા હતા એ ગામના માણસોને પોતાની સાઇટ પર કામે આવવાનું કહે છે પણ ગામના સરપંચ અને ગામના લોકોની બીકે એ આવવાની ના પાડે છે. વાર્તાનાયકને બધી પરિસ્થિતિમાં હેરાન થવાનો, દુ:ખી થવાનો વારો આવે છે. એના પગમાં ગાંડા બાવળનું ઝાંખરું આવી ભરાણું હોય તેમ લાગે છે. વાર્તામાં સ્પષ્ટપણે વાર્તાનાયક ચૌહાણ પોતે એસ.સી. હોવાથી એને પડતી મુશ્કેલીઓની વણઝાર એનો પીછો છોડતી નથી તે જુદી જુદી પરિસ્થિતિ દ્વારા બતાવ્યું છે. ક્યાંય આક્રોશ નથી પણ પોતાની સીધી સાદી નોકરી અને માત્ર દલિત હોવાને કારણે કરવો પડતો જાતિગત સમસ્યાનો સામનો વાર્તામાં સીધેસીધો આલેખાયો છે. સરપંચની જોહુકમી અને નાયકની શાલીનતા અહીં સામસામે ટકરાવાને બદલે લેખકે ભાષા દ્વારા યોગ્ય રીતે વર્ણવી છે. ગ્રામ્ય અને શહેર, અભણ અને ભણેલા લોકોમાં જાતિ વિશેની એકસરખી માન્યતા અહીં ઉડીને આંખે વળગે છે. 'ઝાંખરું' વાર્તામાં વ્યક્ત થતો બોલીપ્રયોગ અને દલિતોની લાચારી ધ્યાનાકર્ષક બને છે. આ વાર્તાસંદર્ભે વિનોદ ગાંધીએ યોગ્ય જ કહ્યું છે કે: વાર્તાન્તે નાયકના પગમાં ભરાતું ઝાંખરું જાતિવાદની કટ્ટરતાનું પ્રતીક બનીને આવે છે.[૭૭] આ વાર્તાસંદર્ભે કમલેશ સોલંકીએ નોંધ્યું છે કે, 'ઝાંખરું' વાર્તામાં શિક્ષિત અને અશિક્ષિત દલિતોની લાચારીમય વેદનાનું નિરૂપણ

૭૭. પ્રત્યક્ષ, વર્ષ ૨૧, અંક ૪, ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૨, પૃ.૮

બોલીના રંગે રંગાઈને આસ્વાદ્ય બન્યું છે. શહેરમાં વસતા શિક્ષિત દલિત અને ગામડામાં વસતા અશિક્ષિત દલિતોની લાચારીને કલાકીય અભિગમથી સાંકળવામાં ધરમાભાઈએ કામે લગાડેલી અરૂઢ સર્જકસૂઝ રોમાંચકારી છે.[૭૮]

'રુદન' વાર્તાની શરૂઆત સપરમા દાડાથી થાય છે. દિવાળીના દિવસો છે પણ પછી તરત વાર્તાના બીજા ફકરામાં જોવા મળે છે કે હિજરતી છાવણીમાં કેટલાક લોકો રહે છે એમના માટે આ દિવાળી હોળી સમાન બની રહી છે. નવા વર્ષની આતશબાજી વચ્ચે વાર્તાની નાયિકા જીવી સૂનમૂન બેસી રહી છે. એને પતિને બીજે રહેવા જતા રહેવાનું કહ્યું હતું એ યાદ આવે છે. પણ પતિ પ્રેમજીને મન પોતાની જનમભોમકામાં જ જીવન વિતાવવું હતું. આટલી વાત પછી વાર્તા ફ્લેશબેકની ટેકનિકથી આગળ વધે છે. જીવી નવી સવી પરણીને સાસરે આવે છે. બધું બરાબર ચાલે છે. ખૂબ સંઘર્ષ હતો, શોષણ પણ થતું હતું. પરંતુ પ્રેમજી આંગણામાં રણઝણતી જીવીને જોતો ને થાક ઊતરી જતો. એકબાજુ અછતના ઓળા છે ને બીજી બાજુ દલિતોને ગામના લોકોની કનડગત છે. દલિતોના વાસ વચ્ચેથી રસ્તો કાઢવામાં આવે છે. બધા વિરોધ કરે છે પણ કોઈ સાંભળવા તૈયાર નહોતું. પ્રેમજી એનો વિરોધ કરે છે. વાર્તાના પછીના ખંડમાં વર્ણનો દ્વારા ખ્યાલ આવે છે કે જીવીની નજરે આંખ આગળ દમ તોડતા પ્રેમજીનો દેહ એને ધ્રુજાવી દે છે. છાવણીમાં રહેતા લોકોમાંથી ઘરે જવાની કોઈ હિંમત કરી શકતું નથી. પોતાનું જ ઘર છે છતાં ઘરે રહી ગયેલું છોકરાનું દફતર લેવા જઈ શકાતું નથી ને નવું દફતર લાવી આપનાર રહ્યો નથી. પ્રેમજીને દીકરાને ખૂબ ભણાવવો હતો ને આ બધું યાદ કરતી જીવી જીવ કપાયાની વેદનાથી જીવે છે. તે પ્રેમજીને યાદ કરે છે. હિજરતીઓ બધા ન્યાય માટે આમથી તેમ વલખાં મારે છે ને આરોપીઓ આરામથી ફરે છે. હિજરતીઓ ગામમાં પાછા જવા તૈયાર નથી. ન્યાય મેળવવો અને બીજે વસવાટ

૭૮. દલિત ચેતના, વર્ષ ૫, અંક ૧-૨, નવે.-ડિસે. ૨૦૧૦, પૃ.૫૭

કરવો એવા વિચારોથી સૌ દૃઢ છે. આ દરમ્યાન અનેક લોકો છાવણીની મુલાકાતે આવે, ટી.વી. પર સમાચાર, સમાધાન માટે દબાણ બધું ચાલ્યા કરે પણ દિવસો સુધી સ્થિતિ ઠેરની ઠેર જોવા મળે છે.

બેસતા વર્ષે છાવણીમાં પ્રેમજીના મૃત્યુ પછી સ્ત્રીઓ છેડો વાળવાનો રિવાજ કરે છે. બેસતા વર્ષનો કોઈને ઉત્સાહ, ઉમંગ નથી. જીવીનું રુદન અટકી ગયું છે. વચ્ચે ફરી ફ્લેશબેક દ્વારા પ્રેમજીની હત્યાનું વર્ણન અને જીવીને રડાવવા માટે પ્રયત્ન કરતી સ્ત્રીઓના વર્ણનમાં લોકાચાર અને શોષણની વાત જોવા મળે છે.

છેડો વળાવવા બેઠેલી સ્ત્રીઓ એક પછી એક છેડો વાળી રડે છે. પોતે છોડી આવેલા ઘરબારને યાદ કરીને પણ રડે છે. જીવીના હૈયાનાં બંધ તૂટી પડે છે ને ગળામાંથી કારમી ચીસ નાખી એકધારું રુદન કરે છે. બધી સ્ત્રીઓ એને છાની રાખવાનો ખૂબ પ્રયત્ન કરે છે પણ જીવીનું રુદન બંધ થતું નથી.

અહીં શોષણની પરાકાષ્ઠા જોવા મળે છે. રાત પડવા છતા જીવીનું રુદન ચાલું છે. બધાં એને બંધ કરાવવા પ્રયત્ન કરે છે પણ જીવીને જાણે કશું જ સંભળાતું નથી. વાર્તાના અંતે સંભળાતો જીવીના રુદનનો ધ્વનિ વાચકમનમાં પડઘાયા કરે છે. જ્યારે એ રડી નહોતી શકતી ત્યારે પણ એટલો જ કારમા આઘાતનો ડૂમો બાજેલો હતો અને રડે છે ત્યારે પણ એટલો જ વલોપાત જોવા મળે છે. આ ઘટનામાં રુદન એ પણ પ્રેમજીના મૃત્યુનું જ નથી પણ શોષિતોનો તીવ્ર વલોપાત અહીં જોવા મળે છે. વાર્તામાં આલેખાયેલાં વર્ણનો ''રૂમઝૂમ, રૂમઝૂમ જીવીએ પરણીને સાસરે પગ માંડ્યો ત્યારે ગાર માટીનાં ભીંતડાં હરખાઈ ઊઠ્યાં હતાં.''(પૃ.૭૭) લેખકની સર્જનશક્તિનાં દર્શન કરાવે છે. અહીં જોઈ શકાય છે કે માત્ર અને માત્ર દલિત અવાજને દબાવવાનો પ્રયત્ન થયો છે. પ્રેમજીની હત્યા પાછળ જરા સરખો સંઘર્ષ, ઘર્ષણ અને પ્રેમજીનું મૃત્યું છતાં હરિજનોને મહોલ્લો છોડવો પડે છે ને છાવણીમાં

રહેવું પડે છે. આ ઘટનામાં દેખીતી રીતે વાંક રસ્તો કાઢનારનો છે પણ અહીં અન્યાય, ભોગવનારને થાય છે.

'રુદન'માં આલેખાયેલ શોષણ, એનાં વર્ણનો અને સ્ત્રીઓનું રુદન તેમજ એમના પર કરાયેલા દમનને વાર્તાકાર યથાર્થ સૂચિત કરે છે.

'આઠમો રંગ' વાર્તામાં વાર્તાનાયક અંકિત શિક્ષિત યુવાન છે. તે શહેરમાં નોકરી કરે છે. પોતાના ગામમાં આવે છે. પોતાના ઘરે પિતાને મૂંઝાયેલા જુએ છે. ગામમાં મિત્રો છે. મિત્રોને મળે છે. બધું બરાબર છે પણ શિક્ષિત યુવાન અંકિત પોતે શિક્ષિત હોવાને લીધે છાપામાં લખે છે. સાહિત્યસર્જન કરે છે. અને 'બહિષ્કૃત' નામે વાર્તા લખે છે એ અહીં સંવાદો દ્વારા જાણવા મળે છે. પોતે જ્યારે ગામમાં રહેતો હતો ત્યારે પિતાજી પાસે બધા બેસવા આવતા. ઘર ભર્યું ભર્યું લાગતું હોય પણ આ વખતે પોતે ઘરે આવ્યો છે ત્યારે પિતાજીને મૂંઝાયેલા જોઈને મિત્ર દાનભાઈને પૂછે છે. દાનભાઈ એની વાત ટાળી દે છે. એ પોતાની માતાને પણ આ બાબતે પૂછે છે કે કેમ કાંઈ બોલતા નથી. તબિયત બરાબર ન હોય તો ગાડી મંગાવવાનું કહે છે ત્યારે પિતા આખી વાતનો ખુલાસો કરતાં કહે છે ''તીં ભઈ એવું તીં છાપામાં શ્યું લશ્યું તું? તે છાપામાં લખ્યું છે ત્યારથી મારી પાસે કોઈ બેસવા આવતું નથી. બધા દૂર થઈ ગયા છે. પહેલા બધા બેસવા આવતા હતા'' પણ હવે કોઈ વાર્તાનાયકના ઘરે આવતું નથી. આ બધી વિગતો દ્વારા ખ્યાલ આવે છે કે સ્પૃશ્ય સમાજ દલિતો પ્રત્યે ભેદભાવ રાખે છે પરંતુ શિક્ષિત યુવાનમાં આવેલ જાગૃતિ અને એના લેખનની અસર અહીં નાયકના પિતાને અકળાવે છે. નાયકમાં આવેલી જાગૃતિ અને પરિણામસ્વરૂપે સંબંધોમાં ઊભો થતો ખટરાગ અહીં સહજ રીતે વ્યક્ત થયો છે. વાર્તા બે સ્તરે આગળ વધે છે. નાયકના અને એના પિતાના. પરંતુ લેખક દલિત સમસ્યાને અહીં બરોબર સ્પષ્ટ કરી શક્યા નથી. વાર્તાનું વસ્તુ રહી રહીને વાચકના હાથમાંથી સરી જાય તેવું છે. વિદ્રોહ, શોષણ કે અન્ય કોઈ સમસ્યા અહીં ચર્ચાઈ

નથી. 'બહિષ્કૃત' વાર્તાની ચર્ચા પણ અહીં પૂર્વભૂમિકા વગર થઈ રહી છે. ઉલ્ટાનું શિક્ષિત વ્યક્તિની જાગૃતિ ગામડામાં કેવા પ્રશ્નો ઊભા કરે છે, ખાસ કરીને વાર્તાનાયકના પિતાના સંદર્ભે એ વાત અહીં મુખ્ય બની રહે છે. એકંદરે કૃતિ નબળું કથાવસ્તુ ધરાવે છે. વાર્તાનું પોત બરાબર બંધાતું નથી.

''આફ્ટર શોક''ની શરૂઆત જ ''એક સાથે બધું હાલકડોલક થતું લાગ્યું'' જેવા વાક્યથી થાય છે. વાર્તાનો નાયક રાણા છે. એને ભૂકંપગ્રસ્ત એરિયામાં ફરજ પર જવાનું છે. પોતાનું ઘર ગામ, કુટુંબ બધું અસરગ્રસ્ત છે પણ પોતાને ફરજના ભાગરૂપે બીજે જવું પડે છે એનું મનોમન દુ:ખ છે. સ્થળ પર પહોંચ્યા પછી બધા કામે લાગી જાય છે. પોતે બુથ પર બેસીને અરજીઓ સ્વીકારે છે. એમાં દલિત લોકોની અરજીઓ ઓછી છે ને એને કોઈ લાઈનમાં ઊભા રહેવા દેતું નથી. ઊભા રહે તો ધક્કા મારીને બહાર કાઢી મૂકાય છે. નાયકને પોતાના ઘરની સ્થિતિ યાદ આવે છે. પોતે નાનો હતો ત્યારે રેશનિંગની દુકાને લાઈનમાં ઊભો રહેતો એ ઘટના યાદ આવે છે. નાયક રિસેસના સમયમાં અરજીઓની થપ્પી ગોઠવે છે. કાચા-પાકાની અરજીઓ અલગ તારવે છે. કાચા મકાનની અરજીઓ ઓછી હતી પણ બહાર ટોળું મોટું હતું એના પરથી ખ્યાલ આવે છે કે અરજીઓ રફેદફે થઈ છે. પોતે કાચા મકાનની વળતરની અરજીઓ અલગ ગોઠવે છે. પણ હેડ ઓફિસથી મોટા સાહેબ આવે છે ને એમની સૂચના પ્રમાણે વળતરની અરજીઓની તાત્કાલિક કાર્યવાહી કરવાની હોઈ વિગતે દરખાસ્ત તૈયાર કરીને કાલે ઓફિસે મળવાનું કહેવામાં આવે છે. નાયક પોતે અરજીઓ લેવા માટે અંદર જવા પગ ઉપાડે છે ત્યાં જ સાહેબ કહે છે: ''મૂકો એ બધું......હું જે કહું છું એ કરો.'' અસરગ્રસ્તોની અરજીઓ એમ જ પડી રહે છે. નાયક દલિતોને મદદરૂપ થવા ઇચ્છે છે પણ મોટા સાહેબ એમ થવા દેતા નથી.

અહીં અંતમાં આફ્ટરશોક આવવાની ઘટના અને મોટા સાહેબનું આગમન સૂચવી જાય છે કે કુદરતી આફત કરતાય માનવસર્જિત આફત વધુ કપરી છે. નાયક પર તેની અસર તો પડે જ છે પણ દલિતો પર પણ તેની કેવી અસર પડે છે એનું નિરૂપણ વાર્તાકારે પૂરા સંયમ સાથે કર્યું છે. કનુ ખડદિયાએ આ વાર્તા સંદર્ભે કહ્યું છે કે, ''દલિત અધિકારી રાણા પોતાના આપ્તજન એવા દલિતોને મદદરૂપ થવા એની અરજી અલગ કરે છે પરંતુ તેના ઉપરી અધિકારી દલિતોને બદલે સંપન્નને મદદરૂપ થવા જણાવે છે જે લાચારીથી રાણાએ કરવું પડે છે. ઉપરના લેવલે પણ ભેદભાવની નીતિ આ વાર્તાના કેન્દ્રમાં છે''[૭૯] વાર્તામાં નિરૂપાયેલ શોષણ અને અસ્પૃશ્યતા સચોટ વ્યક્ત થયાં છે. હરિજનોને કોઈ લાઈનમાં ઊભા રહેવા દેતું નથી. જેમ કે - નાયકનું રેશનિંગની દુકાન બહાર લાઈનમાં ઊભા રહેવાનું ને નંબર આવે ત્યારે છતા પૈસે અનાજ ન મળવું વગેરે.

'ફાચર' વાર્તા દલિત કુટુંબની કરુણકથનીનું સાંગોપાંગ નિરૂપણ કરે છે. વાર્તાની શરૂઆતમાં અંબા બીમાર હોવાનું જણાય છે. વીરાને પણ શ્વાસની બીમારી છે પણ અંબાની બીમારીનું કારણ જુદું છે જે વાર્તાના અંતે જાણવા મળે છે. અંબા પોતે શહેરમાં મોટી થઈ છે ખૂબ અભાવગ્રસ્ત જીવન જીવી છે. લગ્ન ગામડામાં થાય છે. શરૂશરૂમાં ગામડાની મોકળાશ અને વાતાવરણ ખૂબ સારું લાગે છે. એનો પતિ વીરો નરસંગના ખેતરમાં કામે જાય છે. નરસંગ પોતે સારો છે પણ એની વહુ સ્વભાવે આખી છે. ગામની સ્ત્રીઓની ચડામણીથી એ અંબા તરફ શંકા કરીને ગાળોનો વરસાદ વરસાવે છે. નરસંગના ખેતરમાં કામ કરતી અંબા ઘાસનો ભારો ઉપાડતી વખતે ભારામાં સાપ જોઈને ભારો ફેંકી ભાગવા જાય છે ત્યાં ભીની માટીમાં પગ લપસતા લથડિયું ખાય છે એ વખતે નરસંગ એને પડતા બચાવે છે.

૭૯. દલિત ચેતના, વર્ષ ૧૨, અંક ૧, નવેમ્બર ૨૦૧૭, પૃ.૨૨

એને નરસંગનો આકસ્મિક સહારો મળે છે. એ નરસંગની વહુથી જોયું જતું નથી અને અંબા પર અમાનુષી ત્રાસ વરસાવે છે.

લગ્નજીવનની શરૂઆતમાં ગામડાનાં વખાણ કરીને રાજી થતી અંબા નરસંગના ખેતરમાં ભાગિયાનું કામ કરતાં કરતાં થાકવાને બદલે વર્તનમાં દેખાતા ત્રાસથી થાકી ગઈ છે. એ અને એનો પતિ બાળકો સાથે શહેરની વાટ પકડવાનું વિચારે છે. અંબા પૈસાનો હિસાબ પતાવવા નરસંગના ઘરે જાય છે ત્યારે એની વહુ પૈસા તો નથી આપતી પણ રીતસર ''લે તાંણઅ......રાંડ લેતી જા.....'' કરતીક હુમલો કરે છે અને અંતમાં ફાચર મારે છે. વાર્તાની શરૂઆતમાં દેખાતી અંબાની બીમારીનું કારણ વાર્તાના અંતે જાણવા મળે છે. અંબાને દવાખાને દાખલ કરવી પડે એટલી હદે એના પર ત્રાસ ગુજારવામાં આવે છે.

વાર્તાનું કથાવસ્તુ અત્યંત રસવાહી છે. વાર્તા પ્રવાહને વેગ આપવામાં વર્ણનો પણ ઠીક ઠીક ભાગ ભજવે છે. બોલીનો પ્રયોગ ઉત્તમ રીતે વ્યક્ત થયો છે. બોલી દ્વારા આનર્ત પ્રદેશની જાતિવિશેષની લાક્ષણિકતા વ્યક્ત થાય છે. દા.ત. અંબાથી રીસમાં ને રીસમાં બોલી જવાયું - 'અરે તારા ભોથાં રંધોય તારાં...'(પૃ.૬૧)

અહીં અંબાનો રોષ પ્રગટ થયો છે પણ એ દ્વારા જીવાતું જીવન આબેહૂબ રીતે વ્યક્ત થયું છે. નરસંગની વહુના મોઢે બોલાતી બોલી પણ યથોચિત રીતે પ્રગટ થઈ છે. દા.ત. શેનો નાતરાનો હિસાબ લેવા આઈ સી રાંડ....કાલે તો લપાઈને ઊભાં'તા....શરમે ન'તી આઈ....પારકા મોંટીની છાતીમઅ મોથું ઘાલવાની....(પૃ.૬૦)

ધરમાભાઈની ભાષા અને વર્ણનોમાં વ્યક્ત થતો સર્જકચેતનાનો જાદુ 'ફાચર'ને સફળ કૃતિ બનાવે છે. કૃતિમાં વર્ણવેલા દલિતોના અંદરોઅંદરના ઝઘડા, ઈર્ષ્યા, શંકા ઇત્યાદિ ધારદાર અને કલાત્મક રીતે વ્યક્ત થયા છે.

આ સંગ્રહની નવમી વાર્તા 'ઘોડેસવારી' શીર્ષકથી મળે છે. વાર્તાનો નાયક તેજા કરસન પરમાર પોલીસમાં ભરતી થાય છે ત્યાં ટી.કે. ના નામે ઓળખાય છે. ટી.કે. ભણવામાં હોશિયાર હતો એની વાત રામસિંહ સાથે ભણતો ટી.કે. ક્લાસનો મોનિટર હતો એના પરથી જાણવા મળે છે. પોલીસ બન્યા પહેલા પોતે વધુ ભણેલો ન હોઈ અને નોકરી પણ ન હોવાથી રામસિંહના ભાઈને ત્યાં રેતી ભરવા, ઠાલવવા જતો અને ત્યારે રામસિંહ એની સાથે જાણે ક્લાસરૂમનો બદલો લેવા કંટ્રાટી જેવો વ્યવહાર કરીને ખુશ થતો. નસીબજોગે બંનેની પોલીસખાતામાં સાથે જ ભરતી થાય છે. અહીં પણ ટી. કે. ને સારાં માન-સન્માન મળે છે. ટી.કે.ને દલિતોની એક રેલીમાં બંદોબસ્ત અર્થે જવાનું થાય છે. દલિતોને થયેલા અન્યાય બાબતની રેલી છે. રેલીમાં વિશાળ જનમેદની છે અને રામસિંહ દંડો લઈને રેલી વચ્ચે ઘોડો લઈ જાય છે. તે રેલી પર દંડા ફટકારે છે. બીજા ઘોડાઓને બેકાબુ બનતા જોઈને ટી.કે.નો ઘોડો ઘૂમરીઓ લેવા માંડે છે પરંતુ પોતે ઘોડાને કાબૂમાં રાખવા પ્રયત્ન કરે છે. રેલીના બદલે ઘોડા પર એ દંડો વીંઝાય છે. એ રામસિંહને પાછો વાળવા પ્રયત્ન કરે છે પરંતુ રામસિંહને ભીડમાં કશું સંભળાતું નથી.

વાર્તામાં આવતાં વર્ણનો અને ટી.કે.નું વ્યક્તિત્વ ભાવકને સ્પર્શી જાય છે. જેમકે રામસિંહ એના દંડાને રમતો મેલી દે છે.(પૃ.૬૮) ખાખી વરદીમાં જાણે વીજળી પ્રવેશી હોય એમ સંચાર થાય છે.(પૃ.૬૭) વગેરે. જે ઘોડેસવારી માટે ટી.કે.ને મેડલ મળતા હતા એ જ ઘોડેસવારી એને માટે આજ ચિંતાનું કારણ બને છે એ અહીં સુપેરે વ્યક્ત થયું છે.

ટી.કે.ને અસ્પૃશ્યતા, મોંઘવારી, અત્યાચાર, ગરીબી, અન્યાય સામે લડતી વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ છે પણ એને ત્યાં ફરજના ભાગરૂપે હાજર થવું પડે છે. એમ કરવામાં પોતે કંટાળો પણ અનુભવે છે એ વાર્તાના મધ્યભાગમાં જોવા મળે છે. અહીં બોલીપ્રયોગ વધુ નથી પરંતુ બે જ્ઞાતિઓ વચ્ચેના સંઘર્ષ અને ફરજમાં જોડાયા

પછી કર્મચારી દ્વારા ડ્યુટી પર કરાતા ભેદભાવમાં શિક્ષણની વરવી બાજુ વ્યક્ત થઈ છે. વાર્તામાં દલિતસંદર્ભ પૂરા સંયમ સાથે વ્યક્ત થયો છે.

'રેલો' વાર્તાનું શીર્ષક સૂચક છે. વાર્તાનાયક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. એ દરમ્યાન જુદી જુદી જગ્યાએ રેડ પાડે છે. વાર્તાના આરંભે યુવક-યુવતીનું બાઈક પર ગેસ્ટહાઉસના પાછલા ભાગે જવું ને તલાશી લેવા પોતે ગેસ્ટહાઉસમાં જઈ પોતે જ યુવકને માર મારે છે. યુવક-યુવતી એક જ જ્ઞાતિના છે. જ્ઞાતિ પૂછવામાં આવતા પોતે પરમાર છે એવું જણાવે છે. ઉંમરમાં પણ નાના છે. એને છોડવાને બદલે હકુમજી પોતે યુવતીને જોઈને કોલેજજીવનના સંસ્મરણોમાં સરી પડે છે. પોતે જે યુવતીને પામી ન શક્યો એ સંયુક્તા સાથે પોતાનો મિત્ર દેવજી દલિત લગ્ન કરી લે છે એ વાત સતાવે છે. હકુમજીને પોતાને ફરજના ભાગરૂપે જીપ મળતી હોવા છતાં પોતે એકલો જ રેડ પાડવા જાય છે. એ આ પ્રકારના યુગલોને શોધતો ફરે છે. એક સમયે પોતે બાઈક લઈને નીકળે છે ત્યારે બાઈકના લીસોટાથી દોરવાઈને ઝાડી-ઝાંખરા તરફ જાય છે ત્યાં કોઈ યુવક સાથે પોતાની જ દીકરી શાલિની અધખુલ્લા દેહે પકડાય છે. ત્યારે પોતાને અગાઉ જે યુવકને માર માર્યો હતો એ ઘટના યાદ આવે છે.

અહીં ઘટના સાહજિક રીતે ગોઠવાયેલી નથી. ઘટના જરા ફિલ્મી અને કૃતક લાગે છે. વાર્તાના અંત તરફ જતા પહેલા વાચકની પણ હકુમજીની પત્નીના સંવાદ દ્વારા શાલિનીની હવે પછી બનનારી ઘટનાનો રહસ્યસ્ફોટ થઈ જાય છે. પોતે કરેલી ઘટનાની તપાસનો રેલો પોતાના સુધી જ પહોંચે એ ઘટના સૂચક છે પણ કૃત્રિમ વધારે લાગે છે જે વાર્તાકલાને હાનિ પહોંચાડે છે.

'અંતર્ગત' વાર્તાનો આરંભ ''રાજુ હમણાંથી ખુશ હતો'' એવા વાક્યથી થાય છે. વાર્તાનાયક રાજુ ફૂટપાથ પર બેસીને બૂટ પોલિશ કરવાનું કામ કરે છે. એને જીવન સારું લાગે છે. પોતાના ધંધાથી ખુશ છે. પોતે નાનો હતો ત્યારથી જ

પિતા સાથે શહેરમાં આવી વસ્યો છે. એને પ્રશ્નો પણ ઘણા થાય છે કે ગામડું કેમ છોડ્યું? ત્યાં રહેતા હશે એ લોકોનું શું? એ અહીં કેમ આવતા નથી?વગેરે. જવાબમાં પિતા દલિતોને ગામડામાં પડતી મુશ્કેલીઓની વાત કરે છે.

રાજુ શહેરમાં ટેકરા વિસ્તારમાં રહે છે. ટેકરા પર વસતા લોકોના લડાઈ ઝઘડા, સુખ-દુઃખ, એનું જનજીવન અહીં વિસ્તારથી આલેખાયું છે. અહીં બધી વ્યવસ્થા છે ને બધી વાતે પોતે સુખી છે પણ એની ખુશી લાંબો સમય ટકતી નથી. પિતાજી મીલમાં નોકરી કરે છે. પિતાજીના મૃત્યુ પછી રાજુને એ નોકરી પર રાખવામાં આવે છે. સમય જતા મીલ બંધ થવાને લીધે પોતે બેકાર થઈ જાય છે. નાનાં-મોટાં ઘણાં કામ કર્યાં. એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ હતી ત્યાં ટેકરા વચ્ચેથી નીકળતા મુખ્યમાર્ગને લીધે રાજુનું ઘર દબાણમાં નીકળી જાય છે પરંતુ આખા ટેકરાને નોટીસો મળી છે તેથી કંઈક થઈ પડશે એવા પત્નીના આશ્વાસને તે ધંધા પર જવા નીકળે છે ને ત્યાં દૂરથી લોકોનું ટોળું જોતા પોતે 'બધા બૂટપોલિશ માટે રાહ જોતા હશે' એ આશાએ જલ્દીથી ત્યાં પહોંચે છે પરંતુ બૂટપોલિશવાળી જગ્યા પર વસ્તુઓ વેરણછેરણ પડી છે. પોતે માંડ બધું ભેગું કરવા જાય છે ત્યાં પીઠ પાછળ દંડાનો માર પડે છે. ઘરની ચિંતા કરે છે ત્યાં ધંધો ભાંગી પડે છે. ધંધો હશે તો કંઈક થઈ રહેશે એવી પત્નીની વાતે ધંધા પર પહોંચતો રાજુ ધંધો ગુમાવી બેસે છે ત્યારે એના માટે ઉપર આભ ને નીચે ધરતી જેવા ઘાટ સર્જાય છે. વાર્તાને અંતે એ લંગડાતી ચાલે ફૂટપાથ પર ઊભો રહે છે એમાં એની અત્યંત કરુણ સ્થિતિ, એની નિરાધાર અવસ્થા પ્રતિબિંબિત થાય છે.

'અંતર્ગત' વાર્તામાં વાર્તાકારે રાજુની દયનીય સ્થિતિને બરોબર નિરૂપિત કરી છે. વાર્તામાં આવતાં વાક્યો રાજુની સ્થિતિને, એ જ્યાં વસે છે એ વિસ્તારની સ્થિતિને આલેખે છે. દા.ત. ગામડે ગામની ગરીબી જાણે ટેકરે ચડીને બેઠી હતી (પૃ.૭૯) વગેરે.

એકાદ ફકરામાં અપાયેલું ટેકરાના વૈવિધ્યમય લોકનું વર્ણન પણ ધ્યાનાકર્ષક છે. બધી જ કોમના લોકો ટેકરા પર વસે છે ને બધા એક થઈને સાથે ઊભા રહે છે ને પોતાને ટેકરો એટલે જ ખૂબ પ્રિય છે એ વાતને સર્જકે અત્યંત રસવાહી રીતે આલેખી છે. (પૃ.૭૮) ગામડામાં અને શહેરમાં દલિત ગરીબની સ્થિતિ, એનું જીવન કેવું કઠિન છે એ વાત વાર્તાકાર પૂરા તાટસ્થ્યથી, વાર્તાકલાને ઠેસ ન પહોંચે એ રીતે વર્ણવી શક્યા છે.

'પધરામણી' વાર્તામાં લેખક દલિતો પ્રત્યે દાખવવામાં આવતા ભેદભાવને બેનકાબ કરે છે. બધું સારું થઈ ગયું છે. હવે અસ્પૃશ્યતાનો ભેદભાવ બહુ રહ્યો નથી એવું માનતા કરશન ડોસાની માન્યતા પડીને કકડભૂસ થઈ જાય છે.

વાર્તાની શરૂઆતમાં માતાજીના મંદિરે હવન થઈ રહ્યાની વાત છે. વાસના લોકો મંદિરમાં પાંચ હજારનો ફાળો નોંધાવ્યો છે. કરસન ડોસા બધાને હવનમાં જવાનું કહીને પોતે ઝાડ નીચે બેસે છે. કોઈનો ધક્કો ના વાગે એ બીકે પોતે ભીડભાડમાં જવાનું ટાળે છે. આજે જાણે આખું ગામ સમરસ થઈ ગયું હોય તેમ લાગે છે. કરસનડોસાનો પુત્ર કાંતિ શહેમાં નોકરી કરે છે. એ અનામતની વાત કરતો ત્યારે ઘણાને નો'તું ગમતું પણ હવે બધું ઠીક લાગે છે.

માતાજીના મંદિરેથી પ્રતિષ્ઠા, પડાવો, ફાળો થઈ ગયા પછી માતાજીનો રથ ગામમાં દરેક ફળિયે પધરામણી કરવા સવારી રૂપે નીકળે છે. જે શેરીમાં રથ જાય ત્યાં પૂરા ઉત્સાહથી સામૈયું કરવામાં આવે છે. સૌ પોતપોતાના મહોલ્લાને નાકે માતાજીના રથનું સ્વાગત કરવા થનગની રહ્યા છે. વાસના નાકે ગીતો ગવાય છે. કુંવારિકાઓ માથે તાંબા પિત્તળના ઘડા અને ઉપર દીવા પ્રગટાવીને રથની રાહ જોઈ રહી છે. એક પછી એક મહોલ્લામાં રથની પધરામણી થાય છે પરંતુ દલિતવાસમાં આવતાં પહેલા રથને બારોબાર વળાવી લેવાય છે. સરપંચને કહેવામાં આવતાં તે માથું ખંજવાળીને આયોજકોને રથ એ તરફ લાવવાનું કહે છે. રથ પાછો

તો વળાવ્યો પરંતુ વાસના દસ ડગલા દૂરથી જ માતાજીની જય બોલાવીને રથને પાછો વાળી લેવાય છે.

મંદિરમાં ફાળો નોંધાવ્યા પછી પણ વાસમાં તો કોઈ પગ પણ મૂકતા નથી ને વાર્તાના અંતમાં આખા વાસના લોકો પૂરા ઉત્સાહ સાથે રામાપીરના મંદિર તરફ જતા બતાવાય છે. તબલા, કાંસા જોડ, મંજીરાની રમઝટ બોલાય છે ને બોલો રામાપીરની જે સાથે વાસ સાથે કરસન ડોસા આગળ વધે છે. વાર્તાનો આવો વળાંક એને ઉત્તમ કૃતિ પુરવાર કરે છે.

વાર્તાના મધ્યભાગમાં કરસન ડોસાનો કાંતિ ફોન પર કહે છે તેમ ''તમે કહો છો એમ કંઈ બધું ભૂંસાઈ નથી ગયું'' વાક્ય વાર્તાના અંતે સાચું ઠરે છે. કરસન ડોસાનો ભ્રમ ભાંગીને ભૂક્કો થઈ જાય છે. પોતે જેવું માને છે એવું ખરેખર હવે લાગે છે. પણ બની નથી રહ્યું એ વાર્તાનો અંત પુરવાર કરે છે. ધરમાભાઈ શ્રીમાળીની અન્ય વાર્તા 'ભોગ' અહીં તરત યાદ આવે. એમાં પણ મંદિર, હવનની વાત છે. જેને ભોગ આપી, મહેનત કરી મંદિર ઊભું કર્યું છે એનો દીકરો મંદિરમાં ભૂલથી રમતાંરમતાં જઈ ચડે ને બધું અભડાઈ જાય તેમ અહીં પણ ફાળો લેવામાં આભડછેટ નથી પરંતુ વાસમાં પ્રવેશ કરવામાં રથને ઓછાયો પડે, એ અપવિત્ર થઈ જાય એવી વાત અસ્પૃશ્યતા ઠેરની ઠેર છે એ વાતનું સૂચન કરે છે.

વાર્તાના અંતમાં દલિતોનો જયઘોષ દલિતોમાં આવેલ જાગૃતિનો સંકેત કરે છે. આખી વાર્તા સરળ ગતિએ આગળ વધે છે. ખૂબ ઉત્તમ રીતે ઘટનાને કલાત્ક રીતે નિરૂપી છે. આ વાર્તાસંદર્ભે નરેશ મગરાએ યોગ્ય જ કહ્યું છે કે: કલાત્મકતાથી ફાટફાટ થતી આ વાર્તા સર્જકની ઉત્તમ વાર્તાઓમાંની એક છે.[૮૦]

'ઝાંખરું' વાર્તાસંગ્રહની બાર વાર્તાઓમાંથી પસાર થતા લાગે છે કે અહીં ગામ, શહેર, શિક્ષણના પ્રશ્નો વધુ ચર્ચાયા છે. ગ્રામજીવન સાથે વાર્તાકારને નાતો

૮૦. દલિત ચેતના, વર્ષ ૮, અંક ૭-૮, જૂન ૨૦૧૪, પૃ.૧૬

છે એટલે એના પ્રશ્નો પૂરી સઘનતાથી આલેખાયા છે પરંતુ શહેરમાં વસ્યા પછી પાત્રો કેવી સમસ્યાઓનો સામનો કરે છે. શિક્ષિત થયા પછી પણ કેવી મુસીબતો વેઠવી પડે છે એ અહીં અવારનવાર જોવા મળે છે. દરેક વાર્તામાં વસ્તુની માવજત સર્જક વૈવિધ્યમય ઢબે કરે છે. આ સંગ્રહની વાર્તાઓમાં દલિત વ્યક્તિની સ્થિતિ આલેખવાને બદલે ઘટનામાંથી નિપજતી પરિસ્થિતિને લેખક વાર્તારૂપ આપે છે પરિણામે વાર્તાની દરેક ક્ષણ સાહજિક લાગે છે. 'ઝાંખરું' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં સૂક્ષ્મતા, કલાત્મક આલેખન, એમાંનાં પાત્રો, એના મનની ગતિવિધિઓ તેમજ વાર્તાઓનું જીવંત વાતાવરણ, બોલીપ્રયોગ અને ઘટનાનું સહજ આલેખન ધ્યાનાકર્ષક પાસાં છે. દલિતોનાં શોષણ, પીડા, એના પર આચરવામાં આવતા અત્યાચાર, એના રીતરિવાજો, પરિસ્થિતિ, એની ટેવ-કુટેવ, જાતીયવૃત્તિનું આલેખન- બધું અહીં પૂરી તટસ્થતાથી વ્યક્ત થયું છે.

'પીઠી'[૮૧] વાર્તાસંગ્રહમાં સર્જકે કુલ ૧૯ વાર્તાઓ સંગ્રહિત કરી છે જેમાં મોટાભાગની વાર્તાઓ લલિત વાર્તાઓ છે. માત્ર 'છોડ', 'જમણવાર', 'લોહી', 'મેળો' અને છત્રી વાર્તામાં દલિત સંદર્ભ જોવા મળે છે.

'છોડ' વાર્તામાં દલિત નાયક કાળુભાઈ પોતાના જ ગામનો દલિત યુવક રમેશ સરપંચનું ફોર્મ ભરી રહ્યો છે એ જાણી અકળાઈ ઉઠે છે. વાસ આખામાં કાળુભાઈની ભારે ધાક. હોદ્દાનો મોભો રોફ જમાવીને જાળવી રાખતા કાળુભાઈને એમની પત્ની બધી પંચાત મેલી દેવાનું કહે છે પણ પત્નીને ગાળથી બોલાવતો કાળુભા બેસી રહેવા તૈયાર નથી. એને પોતાને પણ મનોમન થાય છે કે પહેલા જેવો પોતાનો વટ નથી પડતો ને રમેશ જેવી વ્યક્તિ ફોર્મ ભરે જ શા માટે ?

પોતાને પોતાનો જાહોજલાલીવાળો ભૂતકાળ યાદ આવે છે. એનામાં બદલો લેવાની ભાવના છે ને પંચાતનો મોભો પડતો મેલવાનું પોતાને ફાવે તેમ નથી.

૮૧. શ્રીમાળી ધરમાભાઈ, પીઠી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૬

બી.પી.એલ. કાર્ડ કાઢવાના કામમાં રમેશ લાગી ગયો છે. બોગસ નામો રદ કરાવીને પોતે ગરીબ વંચિતોનાં નામ ઉમેરાવે છે. નવી યાદીવાળા રમેશને ભગવાનની જેમ માને છે. એને ખોટાં કામોની સરકારી તપાસ આવશે એવું લાગતા ખેતરમાં યોજાતી પાર્ટીમાં કાળુભાને વર્તમાન સરપંચ દ્વારા ફોર્મ ભરવાનો પાનો ચડાવાય છે.

વર્ષો પહેલા મિલમાંથી છૂટા થયેલા રમેશના બાપે વાસના વિકાસ માટે સંઘર્ષ કર્યો હતો ત્યારેય વિરોધ થયો હતો ને આજે રમેશ ફોર્મ ભરી રહ્યો છે ત્યારેય વિરોધ થઈ રહ્યો છે. પોતે સરપંચનું ફોર્મ ભરવા નીકળે છે એ જ વખતે વાસના બધા લોકો રમેશની પડખે ઊભા રહી ફોર્મ ભરવા જઈ રહ્યા છે ત્યારે કાળુભાથી સહન થતું નથી એ વાર્તાંતે જોવા મળે છે. દા.ત. હળુ હળુ થતાં ફૂલછોડમાંથી સહેજ ઉંચે વધવા મથી રહેલા એકાદ છોડને એમણે- ‘લે.....તાંણઅ લેતો જા તુંય...’ બોલતા મૂળસોતો જ ઉખેડીને વાડ બહાર ફેંકી દીધો. (પૃ.૬૯)

અહીં કાળુભા પોતે દલિત વ્યક્તિ છે. દા.ત. ન અ નાંમ રંઈ જાય કઅ ફલાણા ગાંમમાં ભૈ આપડો હરિજન કાળુભૈ સરપંચ સે...(પૃ.૬૮) પરંતુ ગામમાં જે વ્યક્તિ સરપંચ છે એ પટેલ જ્ઞાતિના છે અને પોતે કાળુભાને હાથો બનાવીને સરપંચનું ફોર્મ ભરાવામાં વધુ રસ દાખવે છે. એ માટે એમને પાનો ચડાવાય છે. દારુ પીવડાવાય છે વગેરે. દા.ત. એ તો ભઈસા’બ તમે જે કરો એ ખરું...મનઅ તો સઈ કરતા આવડે...મારે તો તમે કો’ ઈમ કરવાનું.....(પૃ.૬૭)

વાર્તામાં હોદ્દાનો રૂઆબ છાંટતા કાળુભા જેટલા ઈલેક્શન જીતવા તલપાપડ છે ને કહેવાતા દલિત મોભી તરીકે દેખાય છે એટલી જ ભૂમિકા એને ઉશ્કેરીને, એને હાથો બનાવીને પોતાનો પક્ષ મજબૂત કરનાર સવર્ણ જ્ઞાતિના સરપંચની છે. વાર્તાના અંતમાં કાળુભા દ્વારા છોડને ઉખાડી નાખવાના વર્તનમાં દેખાતી ઈર્ષ્યાવૃત્તિને લેખકે પ્રતીકાત્મક સ્તરે નિરૂપી છે.

વાર્તામાં બોલીપ્રયોગ ધ્યાનાર્હ છે. દા.ત. ''રમેશ્યું.....મારું હાળું ચ્યાંથી ઊજી નેહર્યું દિયોર''(પ.૬૮), કાલનું નઈડું થૈન્ વચમાં બેહી સી(પૃ.૬૩)વગેરે. એનાં વર્ણને સૂચક બનીને વસ્તુવિષયને ખોલી આપે છે. બિલકુલ મુખર બન્યા વિના વ્યક્ત થતી કલાત્મક અભિવ્યક્તિ 'છોડ' વાર્તાના સર્જકનો વિશેષ બની રહે છે.

'જમણવાર' વાર્તામાં મહાદેવના મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે ગામમાં ઉત્સવનો માહોલ છે. એમાં દલિતવાસના લોકોને જમવાનું આમંત્રણ છે પરંતુ સવર્ણો થાળી વાટકામાં જમે ને દલિતોને પતરાળામાં જમાડવા બાબતે કાંતિ વિરોધ કરે છે. એ વિરોધનો વાસના લોકો પણ વિરોધ કરે છે. દા.ત. તારે ઠીક સઅ્ બા'રે રે'વું એકઅ ના'વા કે નેંચોવા જેવં નથી...અમારે તો ગામમાં રે'વાનું (પૃ.૯૯) વાસમાં રહેતા લોકોને ખબર છે કે અંતે વેઠવાનું પોતાને જ આવે છે. જમણવારમાં જવું કે ન જવું એ બાબતે રકજક ચાલે છે. ભેદભાવ ન કરો નહીતર નથી જમવું એવી વાતે અડગ કાંતિને ઘણો સમજાવાય છે. કાંતિ શહેરમાં જતો રહે છે. હવન પૂરો થતાં જમવા માટે ગામના મંદિરે લોકો ભેગા થાય છે.

ગામના આગેવાન રામભાઈ ઉચાટ સાથે મંદિર તરફ જતા થતી કાનાફૂસીમાં ગામ બહાર મૂકવાના વિરોધની વાત પોતે સાંભળે છે. સવર્ણો પોતાની જીદ પર અડગ છે કે ખાવાનું પડિયામાં જ આપવું. દલિતો જમવા ન જતા ગામવાળા રોષે ભરાયા છે એવી અફવા આવે છે. કાન્તિનો શહેરમાંથી સરપંચ પર ફોન આવે છે જમવા બાબતે અને બધા કોઈ વાતે સમાધાન કરવા આવે છે ને ''રામભાઈ પંચાયત ઓફિસમાં સી. તમે ચાલો ભૈસા'બ...''(પૃ.૧૦૪) કહીને બધાને જમવા આવવાનું કહે છે પરંતુ પોતાને જમવાનું છે શેમાં? એની ચોખવટ કરતા સૌએ થાળી વાટકામાં જ જમવાનું છે કહી જમવા બોલાવાય છે. બધા એક જ પંગતમાં બેસીને સ્ટીલનાં થાળી વાટકામાં આનંદથી જમે છે.

અહીં વાત જાગૃત દલિત યુવાન કાંતિની જાગૃત ચેતનાની છે કોઈ સવર્ણ લોકોનો વિરોધ કરવાની વાત નથી. કાંતિ શહેરમાં જઈને સરકારી અધિકારીઓ સાથે વાત કરીને, પોલીસ બોલાવીને કોઈ અજૂગતુ ન બને માટે સાવચેતી રાખીને પોતાના વાસના લોકોને ભેદભાવ વગર જમાડવાની ફરજ પાડે છે. વાર્તામાં યુવાન, શિક્ષિત યુવાન, શહેરમાં રહેતો યુવાન, પોતાના સુધરેલા વિચારોથી પરિવર્તન લાવતો આ યુવાન દલિત વિચારધારાની જાગૃતિનો વાહક બને છે.

'લોહી' વાર્તામાં વાર્તાનાયક અભેસિંહ પત્ની સજનબાના મૃત્યુ પછી સજનબાની યાદમાં ઝૂરે છે. ખેતરમાં કામ કરતી પસી દીકરા સાથે રહે છે. પતિ મૃત્યુ પામ્યો છે. અભેસિંહ માટે પત્નીના મૃત્યુ પછી દારુ પીવાનો નિત્યક્રમ બની જાય છે. એક સમયે દારુ પીને ખેતરેથી પસાર થતા અભેસિંહ ભૂખ્યા પેટે બબડાટ કરતા પસીના દીકરાને બૂમો પાડે છે. પોતે કાંતિ પાસે ચવાણું મંગાવે છે. કાંતિને ગાળોથી બોલાવતો અભેસિંહ ને સામે બોલતો ઉત્તર વાળતો રિસાઈને ઊભો રહેતો કાંતિ ને રકજકમાં વચ્ચે આવતી પસી પુત્રને સમજાવવા પ્રયત્ન કરે છે. આ સંદર્ભે 'દલિતચેતના'ના સાંપ્રત ગુજરાતી દલિત વાર્તા લેખમાં મનોજ પરમાર લખે છે કે, ''કાંતિનું રિસાઈ જવું અને અભેસિંહનું ઠંડા પડી જવું આ બે સામા છેડાના વર્તનમાં વાર્તાનાં બીજ રોપાયાં છે.''[૮૨] કાંતિ ગામમાં જતા અભેસિંહ જાણે નશો ઉતરી જતા એને થાય છે કે સાલુ આનું લોહી તપી જ્યું ને મારું.....? ભૂતકાળને યાદ કરતો સ્મરણે ચડતો અભેસિંહ વર્ષો પહેલા પોતાના લગ્ન પહેલા પોતે ખેતરે પસીની સાથે બાંધેલો સંબંધ તાજો થાય છે. એના મનમાં ઘડી પહેલા ઉપજેલો સવાલ ''આનું તપી જ્યું ને મારું......'' ઘૂમરીઓ લે છે. આ પ્રશ્ન દ્વારા જ વાર્તામાં જે રહસ્ય ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યું છે એમાં પ્રગટ થતો વ્યંગ્યાર્થ સર્જકનો વિશેષ બની રહે છે. અહીં જયંત ખત્રીની 'ધાડ' વાર્તાનું સહજ સ્મરણ થઈ આવે.

૮૨. દલિતચેતના, વર્ષ ૮, અંક ૧-૨, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૩, પૃ.૪

વાર્તા સવર્ણ પુરુષ દલિતસ્ત્રીના સંબંધને દર્શાવતી માત્ર કૃતિ નથી પણ સંબંધોની સંકુલતાને નિશાન કરીને સંવાદો દ્વારા જ ભાષાની અપાર શક્યતાઓને તાકે છે. દા.ત. સજનબાનું પસીને અભેસિંહનું ધ્યાન રાખવાનું કહેવું. ''હાડિયા બધેય કાળા.......જઈને ચ્યાં જવું? પાછું મરનારીનો જીવ આડો આવઅ સઅ તી બેજે ચ્યાંય જતાં નથી. નઅ આઈ મથ્યા કરીએ સીએ....નકર આ કાંય ઈના બાપ જેવો થોડો સઅ તે હાંભળીને બેહી રે.....'' (પૃ.૧૧૨) વાક્યો અભેસિંહને ભૂતકાળનું સ્મરણ તાજું કરાવે છે. ઘટનામાંથી બીજી ઘટના આકાર લે અને વાર્તા સાહજિક રીતે આગળ વધે છે. ભરત મહેતાએ કહ્યું છે તેમ ધરમાભાઈ પ્રયુક્તિની ઝાઝી ઝાકઝમાળ વિના સંવેદનને તીવ્રતાને સઘનતા આપી શકે છે. (પૃ.પ)

'મેળો' વાર્તા જાતિ-જાતિ વચ્ચેનો ભેદભાવને સામાન્ય ઘટના દ્વારા ખૂબીપૂર્વક નિરૂપે છે. વાર્તાનાયક પરિવાર સાથે બાલારામ આવે છે. ત્યાં પોતે નદીની દુર્દશા નિહાળે છે ને પોતાનો પરિવાર બાલારામ મહાદેવના ઓટલે ચડે છે. એનોય પોતાને અણસાર ન રહ્યો ને પાછા આવો બધા એમ કહે એ પહેલા બધા આગળ વધી ગયા છે. નાયકને સમયના પડળ હટાવતી આંખોમાં સ્મરણે ચડે છે પોતાનું બાળપણ. પોતે પહેલીવાર અહીં મેળા નિમિત્તે આવ્યો હતો એના માટે પોતે મા સાથે કેવી જીદ્દ કરેલી ને માએ આપેલી પાવલી એ સ્મરણ તાજું થાય છે. મેળામાં પોતે જાય છે ત્યારે ધક્કામૂકીમાં એકલો પડી ગયેલો નાયક નદીકાંઠે ઊભો છે. સામે બાલારામની ટેકરીઓમાં જાતજાતની વસ્તુઓ જોતા ખાલી ખીસ્સે ઊભો છે. પોતાના બાળમાનસને બધું ખરીદવાનો રસ્તો મળી ગયો હોય તેમ મહાદેવના સ્થાનકમાં નજર દોડાવે છે ને ત્યાં ટોપસીમાં કંકુ ઓગાળી છાપ માંડવા બેસી પડે છે ને બદલામાં મળે છે ઘણું બધું પરચૂરણ. પણ પોતે હજુ મન ભરીને મેળો મ્હાલે એ પહેલા કોઈ છોકરો એને પકડીને જાતિ છતી કરે છે કે આ તો હરિજનોનો બ્રાહ્મણ છે ને બ્રાહ્મણોનું ટોળું બાળકને ઘેરી વળે છે. એને બહાર કાઢવામાં આવે છે.

માર મારવામાં આવે છે. પોતે પરચૂરણ ભેગું કરવામાં પડ્યો છે પણ મેળાની ભીડ એને ઘેરી લે છે ને પોતે ફરી ખાલી ખીસ્સે ઊભો રહી જાય છે.

નાયક ફરી સ્મરણોને વાગોળી વર્તમાનમાં આવે છે. પોતાનાં બાળકો કહે છે કે, ''પપ્પા તમારે ચાંલ્લો નથી કરાવવો ? ત્યારે કશું બોલ્યા વગર નદી તરફ જોઈ રહે છે ને ચાલવા માંડે છે. નાયકને ભૂતકાળમાં પોતાના બાળમાનસમાં પડેલા ઉજરડા ઘેરી વળે છે. વર્તમાનમાંથી ભૂતકાળ અને ભૂતકાળમાંથી ફરી વર્તમાનમાં ગતિ કરતી વાર્તા વર્ણભેદને સહજતાથી આલેખે છે. વાર્તામાં નાયકના બાળમાનસને વ્યક્ત કરવામાં સર્જકની કલમ ખીલી ઊઠી છે. દા.ત. દૂર દૂર પાવાના સૂર ઊમટ્યા હતા. મેળે જાવા માટે મેં રીતસરનો આડો કરેલો. રાત આખી હીબકે ચડેલો.'' (પૃ.૧૩૪) વાર્તામાં માની ચિંતા પણ વાજબી રીતે ચિત્રિત થઈ છે. બાળમાનસ પર પડેલા સંસ્કાર નાયકને મેળામાં તો લઈ આવે છે પણ વર્ષો પહેલા પોતાને થયેલા અન્યાયને જેની એને જ્ઞાતિ એટલે શું એની ખબર પણ નહોતી એવી ઉંમરે થતા અપમાનને નાયક વર્ષો પછી પણ ભૂલી શક્યો નથી એ આઘાત ચાંદલો ન કરાવીને ચાલવા માંડતા નાયકની ક્રિયા દ્વારા વ્યક્ત થાય છે. ભાષાનું કોઈ આડંબર નહીં ને જરા પણ મુખર બન્યા વગર સર્જક વર્ણભેદને જે રીતે શબ્દબદ્ધ કરે છે એમાં વાર્તાનું કળાકીય રૂપ વ્યક્ત થાય છે.

'છત્રી' વાર્તાનું શીર્ષક જ સૂચક છે. છત્રી રક્ષણકર્તા છે. એ માણસ માટે મુશ્કેલીમાં ઢાલ બની ઊભી રહે છે પરંતુ અહીં એ જુદા સંદર્ભમાં આવે છે.

વાર્તાનાયક બાબુ છત્રી રિપેર કરે છે. વરસતા વરસાદે પોતે આ કામ કરી રહ્યો છે પણ પોતાના માથે ઊભી કરેલ છત્રીમાંથી પાણી ટપકે છે. નવી છત્રી લેવી છે પણ એની પાસે પૈસાની જોગવાઈ નથી. પોતે પોતાના ગામમાં મજૂરીકામ કરતો અને લગ્ન પછી પરિવારનો, બાળકોનો ખર્ચ માથે આવતા પત્ની પણ મજૂરીકામ કરે છે. પત્નીની છેડતી કરતા ખેતરમાલિક સાથે ઝઘડતો બાબુ શહેરમાં આવી

બૂટપોલિશ કરવાના કામમાં લાગે છે પણ મન ક્યાંય લાગતું નથી. ચંચળ શહેરમાં રહેવા જવાની જીદે રિસાઈને પિયર જતી રહે છે. બાબુ મોચીકામ શરૂ કરે છે. એને એમ થતું હતું કે ચંચળ હવે નહીં આવે પણ ચંચળ ઢાલ બનીને મુશ્કેલીમાં બાબુની પડખે ઊભી રહે છે.

વાર્તામાં બાબુની ગરીબી, મજૂરીકામ, મજૂરીકામ કરતાં ખેતરમાં થતું સ્ત્રીનું શોષણ, એની મજબૂરી ને શહેરની વાટ પકડવી ત્યાં પણ અસહ્ય ગરીબી અને શોષણ જોવું અને આ બધાની વચ્ચે પ્રસન્ન દાંપત્યજીવનને વર્ણવતો મધુર અંત, અભાવોની વચ્ચે સુખનો અહેસાસ વાર્તાને કળારૂપ આપે છે. સર્જક ધરમાભાઈની આ વાર્તામાં બોલીનું સૌંદર્ય અને એમાં વ્યક્ત થતી સચ્ચાઈનો રણકો દા.ત. ''રાંડ ! તને કુણએ કીધુ'તું એ દિયોરના ખેતરે જવાનું...(પૃ.૧૫૫) બાચી આંય શું સે કયો ?(પૃ.૧૫૭)'' વગેરે વાસ્તવની ધારને તેજ બનાવે છે.

'પીઠી' વાર્તાસંગ્રહમાં ધરમાભાઈની દલિતવાર્તાઓમાં દલિત સંવેદન વધુ સઘન બનીને આવ્યું છે. આક્રોશની કલાપૂર્ણ અભિવ્યક્તિ વાર્તાને કલાકૃતિ બનાવે છે. વાર્તાનો ટૂંકાં વાક્યોથી થતો ઉઘાડ ને સીધી ગતિએ થતી વાર્તાગૂંથણી વાચક માટે વાર્તાક્ષણ પામવાનું સરળ બનાવે છે. ધરમાભાઈની ભાષામાં વધારે પ્રમાણમાં કે આયાસપૂર્વક પ્રયુક્તિઓ જોવા મળતી નથી છતાં દલિત સંવેદનને જરા પણ મુખર થયા વગર સચોટ આલેખી શકે છે. ભરત મહેતાએ કહ્યું છે તેમ મુદ્દો તીવ્રતાથી મૂકે પણ અભિનિવેશ ગેરહાજર હોય, આ એક કળા છે. (પૃ.૫) 'પીઠી'ની વાર્તાઓમાં ધરમાભાઈ શ્રીમાળીનું સિદ્ધહસ્ત સર્જક તરીકેનું અનુભવી પાસું જોવા મળે છે. પોતે પ્રતિબદ્ધ વાર્તાકાર છે. સામાજિક નિસબત ધરાવનાર સર્જક છે એ એમાંથી પસાર થઈએ ત્યારે ચોક્કસ અનુભવાય છે એ નોંધવું રહ્યું.

આમ ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓમાં ભરપૂર વિષયવૈવિધ્ય જોવા મળે છે. આક્રોશ, અન્યાયની અભિવ્યક્તિમાં ક્યાંય મુખરતા ન અનુભવાય એનું ધ્યાન

આ સર્જક બરોબર રાખે છે. શિક્ષિત દલિતોનું મનોજગત, સર્જકનું સંયતસૂરનું આલેખન અને સંવેદનની તીવ્રતા એમની વાર્તાઓમાં ઘૂંટાઈને આવે છે. ગામડાની ગરીબી અને નગરોની ભવ્યતા તેમજ એની વચ્ચે પીસાતા દલિત વ્યક્તિનો સ્વઓળખનો અનુભવ, એમાં મળતી નિષ્ફળતા (દા.ત. નરક, તરસ, કદડો વગેરે) એમની વાર્તાઓમાં અવારનવાર જોવા મળે છે. શિક્ષણ અને એને લીધે આવેલી જાગૃતિ ધરમાભાઈની વાર્તાઓમાં પ્રતિબિંબિત થાય છે. પાંચ વાર્તાસંગ્રહોમાં મોટી સંખ્યામાં દલિત વાર્તાઓ આપીને ધરમાભાઈ દલિત સાહિત્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધ સર્જક હોવાની ઓળખ પ્રસ્થાપિત કરી શક્યા છે એ નોંધવું રહ્યું.

--------------